
# મંડળી સ્થાપના

## એડવાન્સ અભ્યાસક્રમ માર્ગદર્શિકા



GLOBAL ADVANCE

## ૧. મંડળી સ્થાપના કેમ કરવી?

(શિક્ષણનો અંદાજીત સમય ૩૦ મિનીટ)

અ. મંડળીની વિરૂદ્ધમાં હાદેસની સત્તાનું જોર ચાલશે નહિ.(માથ્થી ૧૬:૧૮)

નવા કરારમાં મંડળી શબ્દનો પ્રથમ પ્રસંગ માથ્થી ૧૬:૧૮ માં છે. ઇસુ દ્વારા ઉપયોગમાં આવેલ મંડળી શબ્દ, ગ્રીક ભાષાનાં **એક્લેસિયા** નામનાં શબ્દમાંથી વપરાશમાં આવેલ છે, જેનો અર્થ, "તેડેલા" કે "સભા" થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, ઇસુ જેને તેમની મંડળી તરીકે ઉલ્લેખ કરી રહ્યા છે તેનો ભાવાર્થ થાય છે: ખ્રિસ્તની સુવાર્તા વડે જગતમાંથી બહાર તેડવામાં આવેલ લોકોની સભા.

ઇસુ એક હકીકતને ભારપૂર્વક જણાવે છે કે મૃત્યુની શક્તિઓ તેમને રોકી રાખવા સમર્થ થઇ શકશે નહિ. હાદેસ કે નર્કની શક્તિઓ હોવા છતાં મંડળી (ખ્રિસ્તનું શરીર/લોકો) સ્થાપિત થશે એટલું જ નહિ પણ મંડળી સમૃધ્ધ થશે. શારીરિક મૃત્યુનાં વશમાં એક પછી બીજી પેઢી સતત આવે છે, છતાં મંડળીને કાયમ રાખવા બીજી પેઢીઓ ઉભી થશે, જેથી મંડળી કદી નિષ્ફળ થતી નથી. ઈસુના આદેશ મુજબ પૃથ્વી પર મંડળી તેના મિશનને પૂર્ણ કરશે ત્યાં સુધી તે સતત ચાલુ રહેશે. (માથ્થી ૨૮:૧૮-૨૦).

આ બાબત આપણને મંડળી સ્થાપનાનાં આપણા પ્રયાસમાં દ્રઢ વિશ્વાસ ઉત્પન્ન કરે છે કે તીવ્ર આત્મિક યુધ્ધ અને સંઘર્ષોની મધ્યમાં પણ દેવના હેતુઓ આખરે વર્ચસ્વ ધરાવશે! તેમના માર્ગ દર્શનનું અનુકરણ કરતી વેળાએ આપણે તેમની સહાયની ખાતરી રાખી શકીએ છીએ.

બ. સુવાર્તાની પ્રગતી અને મહાન આદેશની પૂર્તિના માપદંડોની મોટી રીતોમાંની એક રીત તે છે.

વર્તમાન સંશોધનો બતાવે છે કે વૈશ્વિક વસ્તીવધારાની સાથે આગલા ૫-૧૦ વર્ષોમાં કેવળ અંતરને જાળવી રાખવા અંદાજીત ૫૦ લાખ નવી મંડળીઓની આવશ્યકતા છે. વર્તમાન વૈશ્વિક માનવ વસ્તી ૭ અબજ છે. ૨૦૫૦ સુધીમાં તે સંખ્યા વધીને ૧૧ અબજ થવાની શક્યતા છે. લોકોની સંખ્યામાં વધારાની સાથે ખોવાયેલાં લોકોને પહોંચવા મંડળીઓની સંખ્યાની આવશ્યકતામાં પણ વધારો થાય છે.

ક. મહાન આદેશનું પ્રાથમિક લક્ષ્ય દરેક લોકો માટે એક મંડળીની સ્થાપના હોવું જોઈએ જે દરેક વ્યક્તિ પાસે સુવાર્તા લઇ જવાનું કેન્દ્ર બને છે. (રોમન ૧૫:૯)

રોમન ૧૫: ૯ વર્ણવે છે કે વિદેશીઓની મધ્યમાં મંડળીઓની સ્થાપના આપણો વિશેષાધિકાર હોવો જોઈએ. વિદેશીઓ શબ્દ ગ્રીક ભાષાના ઇથ્નોસ શબ્દમાંથી આવે છે, જેનો અર્થ દરેક દેશ કે લોકો થાય છે. પૃથ્વી પર જ્યાં સુધી વણખેડાયેલ દરેક લોકજૂથ સુવાર્તા ના સાંભળે ત્યાં સુધી આપણું કામ પૂર્ણ થયેલ નથી. ભવિષ્ય વચન નિર્દેશન આપે છે કે સિંહાસનની આસપાસ દરેક લોકજૂથમાંથી આવેલ વિશ્વાસીઓ એકઠા મળશે.

ડ. જે આવનાર છે – પૃથ્વી પર શાસન કરતું દેવનું રાજ્ય- તેનું દ્રશ્ય પ્રતિબિંબ મંડળી છે. (ગી.શા. ૯૬:૩).

વર્તમાન શાસનમાં ખ્રિસ્તની સત્તા, અધિકાર અને રાજ્યનું એક દ્રશ્ય પ્રતિનિધિત્વ કરનાર મંડળી છે.સમસ્યાઓ અને **કુપોષણ હોવા છતાં, મંડળીએ દેવના હેતુઓનું પ્રતિબિંબ થવાનું છે. આ હેતુને લીધે, દેવ તેમની મંડળી માટે ઈર્ષાળુ છે અને મંડળી સ્થાપકો તરીકે આપણે યાદ રાખવાનું છે કે મંડળી ખ્રિસ્તની કન્યા છે અને તે મુજબ તેની સાથે વ્યવહાર રાખવો જોઈએ.**

ઈ. વૈશ્વિક મંડળી ઇસુ ખ્રિસ્તને તારનાર અને પ્રભુ તરીકે કબૂલ કરનાર દરેક દેશમાંના સર્વ ઉધ્ધાર પામેલ લોકોથી રચાયેલ છે. તેથી પૃથ્વી પરના દરેક લોકજૂથમાં મંડળી ઓછા વત્તે પાયે હોવી જ જોઈએ. (રોમન ૧:૫).

રોમન ૧: ૫માં પાઉલ સૂચવે છે કે પૃથ્વી પરના દેશોમાં દેવના રાજ્યની સ્થાપના કરવા આપણે કૃપા, માર્ગદર્શન અને લીડરશીપની જવાબદારી પ્રાપ્ત કરી છે.

ફ. મંડળી ખ્રિસ્તની કન્યા છે જેને માટે ખ્રિસ્ત પાછા આવનાર છે. (પ્રકટી. ૧૯: ૭-૯, ૨ કોરીન્થી ૧૧:૨).

ઇસુ તેમની કન્યા પોતાના હેતુને પૂર્ણ કરે તેની રાહ જુએ છે. સર્વ દેશોના લોકોથી બનેલ એક પવિત્ર, ડાઘ વગરની કન્યાને જોવા તે આતુર છે. ૨ કોરીન્થી ૧૧:૨ માં થયેલ ભાષાપ્રયોગ સૂચવે છે કે તે તેમની કન્યાને આતુરતાથી શોધે છે. મંડળી તૈયાર થવા માટે તે તીવ્ર ઉત્કંઠાથી રાહ જુએ છે!

છતાંપણ, જ્યાં સુધી ફસલની કાપણી પૂર્ણ ના થાય ત્યાં સુધી ખ્રિસ્ત પાછા ફરશે નહિ. તે ઘડી અંગે કોઈ જાણતું ના હોવાને લીધે (માથ્થી ૨૪:૩૬) ફસલના મજૂરો તરીકે આપણે આપણા તારનાર પાછા ફરે ત્યાં સુધી ખંતથી સતત કામ કરતા રહેવાનું છે.

## ૨. મંડળી સ્થાપનાની પ્રક્રિયા અને ઋતુઓ
(શિક્ષણનો અંદાજીત સમય ૪૫ મિનીટ)

અ. મંડળી સ્થાપના એક પ્રક્રિયા છે.

એક મંડળીની સ્થાપના કરવા જયારે તમે પ્રભુના માર્ગદર્શનને સાંભળવા અને પ્રતિભાવ આપવા પસંદગી કરો છો ત્યારે, તેમાં સામેલ વિગતોને સમજવું અગત્યનું થઇ પડે છે. તમારી સંસ્કૃતિ, તમારા લક્ષ્યાંકની વસ્તીની સંખ્યા અને મંડળી સ્થાપનાના તમારા દર્શનમાં ઘણો તફાવત હોય શકે – તોપણ મંડળી સ્થાપનાની સર્વ પ્રક્રિયામાં મહત્વનાં અને સુસંગત કેટલાંક અર્થસભર માર્ગસૂચક સ્તંભો છે.

પ્રક્રિયાને ઝડપથી પૂર્ણ કરવાના પ્રયાસમાં તમે આ માર્ગદર્શક સ્તંભોની અવગણના ના કરો તે ધ્યાનમાં લેવું મહત્વનું છે. જો કામ ઉતાવળથી કરવામાં આવે તો શક્યતા રહેલી છે કે મંડળી સંઘર્ષ કરશે અને માર્ગમાં મંડળી અસ્થિર થઇ જશે. એક મજબૂત માળખા કે ઈમારતની રચના, જે વાવાઝોડાં, વરસાદ, તોફાન અને ધરતીકંપોના સમયમાં પણ ટકી શકે, માં સામેલ કરવા માટે આવશ્યક પ્રક્રિયા અને મૂળતત્વોને ધ્યાનમાં લો. જો પાયો સુયોગ્ય રીતે નાખવામાં ના આવે તો ઈમારત સમય જતા ગબડી જશે. એક મંડળી સ્થાપનાની પ્રક્રિયાને અપનાવવું કેટલું અગત્યનું છે તે આ દાખલો એક સ્પષ્ટ રજૂઆત આપે છે.

આપણે જેને એક નમૂના તરીકે ઉપયોગ કરી શકીએ એવી એક સ્પષ્ટ પ્રક્રિયા આપનાર નવા કરારના મૂળભૂત સિધ્ધાંતોની ચર્ચા આ તાલીમમાં આપણે કરીશું.

બ. મંડળી સ્થાપના પ્રક્રિયાના પાસાઓ :

જૂથ પ્રવૃત્તિ :
પ્રસ્તુતકર્તાની સાથે મંડળી સ્થાપકો મંડળી સ્થાપના કરવા તેઓને જે બાબતો મહત્વની લાગે તે અંગે આકૃતિ દોરવામાં સહાયતા કરે તે માટે વાર્તાલાપ કરવાની મંજૂરી આપો. તે બાબત મંડળી સ્થાપનાની પ્રક્રિયાની બીબ્લીકલ અને વ્યવહારિક સમજમાં મંડળી સ્થાપકો ક્યાં છે તેનું મૂલ્યાંકન કરવામાં સહાયતા કરશે.




**આપણા તાલીમની સાથે આગળ ધપવા આપણે નીચેના નિર્ણાયક પાસાઓની ચર્ચા કરીશું:**
- મંડળીઓની સ્થાપના આપણે કેમ કરવાની જરૂરત છે?
- મંડળીઓની સ્થાપનાના પ્રેરણા સ્ત્રોત
- ભવિષ્યની તમારી મંડળીના મૂલ્યો, દર્શન અને કાર્યશૈલી
- મંડળી સ્થાપના માટે યોજના અને વ્યૂહરચના


- મંડળી સ્થાપના માટે તમારી ટીમનો વિકાસ કરવો
- સેવાકાર્ય અને શત્રુ પર જય પામવું (આત્મિક યુધ્ધ)
- લોકોને તેઓનાં પ્રભાવક જગતમાં વ્યવહાર કરવા શિષ્યો બનાવો.

## ક. મંડળી સ્થાપનામાં ઋતુઓને સમજવી

મંડળી સ્થાપનાની વ્યવહારિક પ્રક્રિયાની સાથે તમારે જેઓનો સામનો કરવો પડશે એવી આત્મિક અને ભાવનાત્મક ઋતુ(સમયો ) ઓને પણ ધ્યાનમાં લેવું આવશ્યક છે. મંડળી સ્થાપનાની પ્રક્રિયા અન્ય સઘળાં પાસાઓને રદ કરતા નથી.

મંડળી સ્થાપનાની ઋતુઓ તમને સૌથી ઊંચા પહાડના શિખરરૂપ અનુભવો તેમજ તમે કદી અનુભવ કર્યા ના હોય તેવા શક્ય સૌથી વધારે કઠણ ખીણરૂપી અનુભવોમાંથી લઇ જશે.

મંડળી સ્થાપકો **દર્શનથી યોજના** અને વ્યૂહરચના તરફ આગળ વધીને તેઓના **લક્ષ્યાંકો** તરફ આગળ ધપે છે. તોપણ, માર્ગમાં કેટલીક **અડચણો** રહેશે જેઓનો સામનો કરવો રહ્યો. અડચણો સમસ્યા નથી, પણ અડચણોની સાથે તમે કેવો વ્યવહાર કરશો તે સમસ્યા છે. અડચણોમાં પણ સતત કામમાં મંડ્યા રહેવું અને **સફળતાનો** અનુભવ કરવો કે **કટોકટીની** ઋતુનો સામનો કરવાની પસંદગી તમારે કરવાની રહેશે. દેવની કૃપાથી તમે સતત મંડ્યા રહેશો અને આગળ વધીને સફળતાની સાથે **ઉજવણી** પણ કરશો. શું તમે પોતાને કટોકટીની ઋતુઓમાં જોઈ શકો છો? તમને **એકલવાયા** કરવા અને તમને **થકાવટ**ની સ્થિતિમાં લાવીને રાખવા શત્રુ તેના સર્વશ્રેષ્ઠ પ્રયત્નો કરશે. તમે એકવાર પોતાને આ ઋતુમાં જુઓ ત્યારે **સાજાપણા અને પુનઃસ્થાપનાની** પ્રક્રિયા માટે તમે પોતાને (અને તમારા પરિવારને) તાકીદથી સમર્પિત કરવા સર્વશ્રેષ્ઠ પ્રયાસ કરો!



## ડ. ઋતુઓની સભાનતા

ઘણા મંડળી સ્થાપકો તેઓની યાત્રાની શરૂઆત ઉત્સાહથી કરે છે અને તેઓને એવી લાગણીઓ ઉમટે છે કે તેઓ જગતને જીતી શકે છે. જોકે તેઓએ કદી અનુભવ કર્યો ના હોય તેવા સૌથી ઉત્પ્રેરક અનુભવોની યાત્રા તે થઇ શકે છે, પણ મંડળી સ્થાપનાની ઋતુઓને ધ્યાનમાં લેવાની જરૂરત છે. સામાન્યતઃ શરૂઆતના પ્રથમ છ મહિનાથી એક વર્ષ દરમિયાન મંડળી સ્થાપક અડચણોનો સામનો કરશે અને સંભવિત કટોકટીમાં આવી પડશે.

મંડળી સ્થાપનાની ઋતુઓમાં પ્રગતિ કરવા તમે કયા તબક્કાનો અનુભવ અને કયા તબક્કામાં કામ કરી રહ્યા છો તે પારખવું મહત્વનું છે. મંડળી સ્થાપનાની ઋતુઓ ઘણી ઝડપથી કે ધીમેથી પુનરાવર્તિત થઇ શકે છે. તદ્દુપરાંત મંડળી સ્થાપક મંડળી સ્થાપનાના આખા સમયગાળામાં ઋતુઓના અનેક ચક્રોમાંથી પસાર થઇ શકે છે. જો તમે કટોકટી, થકાવટ/એકલતા, કે સાજાપણા અને પુનઃસ્થાપનાની અવસ્થામાં છો તો આ બાબતની સમજણ તમને વધારે નિરાશ થતા અટકાવશે. સભાશિક્ષક ૩:૧-૮ માંથી પોતાને પ્રોત્સાહિત કરો અને સ્મરણમાં રાખો કે દરેક બાબતને માટે ઋતુ હોય છે, અને ખગોળીય ઋતુઓની માફક તમારી ઋતુ પણ સમયની સાથે આગલા સ્ટેજમાં ચાલી જશે.

## ૩. મંડળીની વ્યાખ્યા અને હેતુ

(શિક્ષણનો અંદાજીત સમય ૩૦ મિનિટ )

ગ. **બાઈબલ મુજબ આરાધના, પ્રાર્થના, શિક્ષણ અને મિશનકાર્યના હેતુ માટે એકઠા મળનાર વિશ્વાસી લોકોના સમુહને મંડળી કહેવાય છે.** મંડળી શબ્દ **એક્ક્લેસીયા** શબ્દમાંથી આવે છે, જેને **એક સભા કે તેડાયેલા લોકો** તરીકે ઉલ્લેખવામાં આવે છે.(માથ્થી ૨૧:૧૩; ગી.શા. ૧૫૦:૧-૬).

ઈસુએ ઘણું સ્પષ્ટ કરી દીધું હતું કે મંડળી પ્રાર્થનાનું ઘર કહેવાશે. જોકે મંડળીઓ પાસે ઘણા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ હોય શકે, પણ વિશ્વાસીઓનો એકઠા મળવાનો પ્રાથમિક હેતુ પ્રાર્થના, આરાધના અને દેવ સાથેના નિકટના સંબંધ માટેનો હોવો જોઈએ.

ગીતશાસ્ત્ર ૧૫૦:૧-૬ નો શાસ્ત્રભાગ બીજું વર્ણન આપે છે જે આપણા વ્યવહાર અને પ્રવૃત્તિ માટે દિશાસૂચન કરે છે. દેવના સ્તોત્રો ગાવા, મહિમા આપવું અને તેમને સર્વોચ સ્થાન આપવું નિર્ણાયક રીતે ઘણું મહત્વનું છે. જયારે વિશ્વાસીઓ નિરાશ થઇ જાય ત્યારે દેવની સ્તુતિ કરવાની ભાવના અને મનોવલણ જગતની સમસ્યાઓમાંથી તરત રાહત આપે છે અને સર્વશક્તિમાન દેવમાં ધ્યાન પુનઃ સ્થાપિત થાય છે.

બ. મંડળી, જે ખ્રિસ્તનું શરીર છે, તેનું શિર ઇસુ છે. (એફેસી ૧:૨૨-૨૩).

જે સઘળાના શિરપતિ છે તે ઇસુથી મંડળીના હેતુઓ વ્યાખ્યાયિત અને માર્ગદર્શિત થવા જોઈએ. મંડળીની સ્થાપના કરવાના મહાન કામ કરવા તેમણે તમને પસંદ કર્યા હોવા છતાં સઘળી બાબતોનાં લેખક અને પરિપૂર્ણતા કરનાર દેવ પોતે જ છે. લોકોને પિતા પાસે લાવવા દિશાસૂચન, માર્ગદર્શન, પુરવઠો આપનાર અને ખેંચનાર તો તે જ છે. તેમણે સોંપેલ કામ મહાન અને પ્રશંસાને યોગ્ય હોવાને લીધે તમારા હૃદયમાં અહંકારને પ્રવેશ કરવાની મંજૂરી આપશો નહિ.

ખ્રિસ્ત મંડળીના શિર છે તે બાબતને હંમેશા પોતાના સ્મરણમાં રાખવાથી તમે તેમની યોજનાના એક કારભારીમાત્ર છો તે યાદ રાખવામાં તમને દ્રઢ મનોબળ અને પુનઃખાતરી પ્રાપ્ત થશે. પ્રભુ માટે કારભારી થવું એક મોટી જવાબદારી છે, પણ માંગ મુજબ મંડળીના શિર તરફથી આપણને ટેકો અને મદદ પણ મળી રહે છે.

ક. પચાસમાંના દિવસથી(પ્રે.કૃ. ૨ જો અધ્યાય) લઈને ખ્રિસ્તના બીજા આગમન સુધીના ઇસુ ખ્રિસ્તમાંના સઘળા વિશ્વાસીઓથી ખ્રિસ્તનું શરીર- મંડળી – બનેલ છે. ખ્રિસ્તનું શરીર બે પાસાઓથી બનેલ છે:

૧. વૈશ્વિક મંડળી ઇસુ ખ્રિસ્તની સાથે એક વ્યક્તિગત સંબંધ ધરાવનાર સર્વ લોકોથી રચાયેલ છે. (૧ કોરીન્થી ૧૨:૧૩).

જગતમાં વર્ગ કે જાતિ પ્રણાલી હોય શકે પરંતુ એવી કોઇપણ બાબત વૈશ્વિક મંડળીમાં અસ્તિત્વ ધરાવતી નથી. ઇસુ સાથે જે સર્વ લોકોનો વ્યક્તિગત સંબંધ છે તેઓ શરીરના અવયવો છે. વ્યક્તિ ધનવાન, ગરીબ, જુવાન, વૃધ્ધ, શિક્ષિત, અશિક્ષિત હોય તોપણ એવી બાબતોમાં દેવ કોઈ વ્યક્તિ પ્રત્યે પક્ષપાત રાખતા નથી. તેમની ઈચ્છા કેવળ તેમની સાથે સંબંધ અને સમર્પણ છે.

૨. ગલાતી ૧:૧-૨ માં સ્થાનિક મંડળીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, " પાઉલ, પ્રેરિત...અને મારી સાથેના સઘળા ભાઈઓ, ગલાતિયામાં જે સઘળી મંડળીઓ છે તેઓને..." અહીં આપણે જોઈએ છીએ કે ગલાતિયાના પ્રદેશમાં ઘણી મંડળીઓ હતી- જેને આપણે સ્થાનિક મંડળીઓ કહીએ છે.

એક મંડળી સ્થાપક તરીકે સ્થાનિક માળખામાં, છતાં વૈશ્વિક મંડળીના એક ભાગમાં રહીને, તેમના પ્રતિનિધિઓમાંના એક થવા દેવે તમને પસંદ કર્યા છે. તમારી મંડળી સ્થાપનાનું કાર્ય વૈશ્વિક સ્તરે તેમજ સ્થાનિક સ્તરે ખ્રિસ્તના શરીરનો એક અભિન્ન ભાગ છે. તદુપરાંત, સ્થાનિક મંડળીમાંની દરેક વ્યક્તિ પાસે સ્થાનિક મંડળીમાં કરવાને એક નિર્ણાયક કામ હોય છે. સઘળી મંડળીઓના સઘળા લોકો મંડળીમાં મહત્વના છે.

ડ. મંડળી શું નથી.

૧. એક ઈમારત
૨. એક સંસ્થા
૩. જમીનનો એક ભાગ
૪. એક વ્યવસાય
૫. મનોરંજનનું એક સ્થાન
૬. એક સામાજિક ક્લબ

ઈમારતો, જમીન, સંસાધનો અને સામાજીક કાર્યોનું ઘણું મહત્વ હોવા છતાં મંડળી તેઓમાંની કોઈપણ જેવી નથી અને તેઓથી ઓળખાતી પણ ના હોવી જોઈએ. મંડળી કેવળ આરાધના, પ્રાર્થના, અભ્યાસ અને મિશન માટે એકઠા મળતા લોકોના એક સમૂહ તરીકે જ વ્યાખ્યાયિત અને મહત્વની ગણાતી હોવી જોઈએ.

દર્શન રાખનાર એક લીડર તરીકે મંડળીના સુયોગ્ય મૂલ્યોનું આરોપણ કરવા અને તમારી સ્થાનિક મંડળીના હેતુમાંથી આ અન્ય બાબતોને દૂર કરવા તમે જવાબદાર છો. પ્રભુ હવે પૃથ્વી પરના મંદિરમાં નિવાસ કરતા નથી પણ લોકો પોતે હવે પવિત્ર આત્માનું રહેઠાણ છે.

## ૪. મંડળી સ્થાપના માટે પ્રેરણા

(શિક્ષણ માટેનો અંદાજીત સમય ૬૦ મિનિટ )

અ. મંડળી સ્થાપના માટેની પ્રેરણા દેવ તરફથી પ્રાપ્ત થયેલ વ્યક્તિગત દર્શન અને તેડાના પ્રતિભાવમાં હોવી જોઈએ.

૧. આ હંમેશા પ્રથમ પગલું છે. તે શું સિધ્ધ કરવા ઈચ્છે છે તે અંગેની એક ઝાંખી દેવે તમને દેખાડી હોવી જોઈએ. દર્શન શાસ્ત્રભાગમાંથી, એક સ્વપ્નથી, અન્ય વ્યક્તિ દ્વારા પુષ્ટિ કરવાથી, ભવિષ્યવચનથી, કે કોઈ એક ક્ષેત્ર કે સમૂહ માટે ભારે બોજમાંથી આવી શકે છે. (પ્રે.કૃ. ૧૩, ૧૬:૯-૧૦).

કેટલાક મંડળી સ્થાપકો પ્રથમ દેવના તેડાને સારી રીતે પ્રતિભાવ આપે છે પણ પછી વિચલિત થઇ જાય છે. કેટલાક સ્વાર્થી ઈરાદાઓથી કામ કરે છે. કેટલાક મંડળી સ્થાપકો દેવના તેડાને પ્રતિભાવ આપવાના હેતુથી શરુ કરે છે, પણ પછી સફળતાથી સંચાલિત થાય છે.

લોકો જેનાથી સંચાલિત થાય છે તેઓ :

અ. સિધ્ધિઓથી સંતૃપ્ત થયેલા
બ. સફળતાના ચિન્હોથી ખવાઈ ગયેલા (ખ્યાતી, ધન, સત્તા, દુન્યવી જ્ઞાન)
ક. સત્યનિષ્ઠામાં ઉણપ (અનૈતિક, સ્વાર્થી, અહંકારી, દાવો માંડનાર)
ડ. મોટી માત્રામાં સ્પર્ધાત્મક (૨ કોરીન્થી ૧૦:૧૨)
ઈ. અસામાન્ય વ્યસ્તતા (લૂક ૧૦:૪૧-૪૨)
ફ. કામ માટે સંબંધને છોડવા ઈચ્છુક

૨. મંડળી સ્થાપના કરવા જો દર્શન, તેડું કે પ્રેરણા દેવ તરફથી ઉદ્ભવ્યું ના હોય તો મહદંશે ત્યાં ચોક્કસ નિષ્ફળતા પ્રાપ્ત થશે. તમે તેડાયેલો છો તેની જાણકારી રાખવી તે ના કેવળ એક સારો વિચાર છે, પણ તે પૂર્ણપણે અતિ આવશ્યક છે.(ગી.શા. ૧૨૭:૧).

તેડાયેલા થવું તે પવિત્ર આત્માનું કામ છે જયારે કોઈનાથી ખેંચાય જવું- સંચાલિત થવું દેહનું કામ છે. દર્શન, તેડું કે પ્રેરણા પવિત્ર આત્માના પ્રત્યુતરના મૂળમાં હંમેશા હોવું જોઈએ.

બ. તમે તેડાયેલા છો તે જાણવાના લાભ:

૧. સહકાર્યકરો થવાથી હેતુમાં ધ્યાન કેન્દ્રિત (૧ કોરીન્થી ૩ :૯ )

સહકાર્યકર તરીકે દર્શનને પૂર્ણ કરવા આપણી પાસે પવિત્ર આત્માની શક્તિ અને સહાય છે. પવિત્ર આત્મા વિના પોતાની મેળે સાહસ ખેડવું ધારણા અને એકલતાની સ્થિતિ છે. તદુપરાંત, તે અહંકાર અને સ્વાર્થનું કાર્ય છે. સહકાર્યકરો તાકીદે પવિત્ર આત્મા પર આધાર રાખનાર અને નિસ્વાર્થભાવે કામ કરનારા હોય છે અને સફળતા માટે વાહવાહી કે કદરની શોધ કરતા નથી.

૨. આશીર્વાદો અને જોગવાઈ (ફીલીપ્પી ૧:૩-૬)

કોઈએ કહ્યું છે, “જ્યાં દેવ લઇ જાય છે, ત્યાં જોગવાઈ પણ હોય છે,” અને બીજા કોઈએ કહ્યું છે, “ દેવ જેનો ઓર્ડર આપે છે તેની ચૂકવણી પણ કરે છે.” આ કહેવતો દેવની વિશ્વાસ યોગ્યતા

અને જોગવાઈની સત્યતાની રજુઆત અને દ્રઢીકરણ કરનારી છે. ઉત્પત્તિ ૨૨ : ૧૪ માં દેવનું નામ " યહોવા યિરેહ" છે, તેનો શબ્દશઃ અર્થ દેવ જુએ છે, કે દેવ તે તરફ નજર કરશે થાય છે. દેવની આજ્ઞાઓનું પાલન જેઓ કરે છે તેઓને સારૂ જોગવાઈ અને આશીર્વાદ ઉપલબ્ધ છે.

૩. કસોટીઓમાં વિશ્વાસ અને ધીરજ (હિબ્રૂ ૧૨:૧-૩ ; ૨ થેસ્સ ૩ :૫, યાકૂબ ૧:૨-૪)

આપણા કાર્યો પર સ્વનિયંત્રણનો અમલ અને પાપના પરીક્ષણોનો સામનો કરવાના આપણા પ્રયાસો સ્વર્ગમાં જતા પહેલા કદી પણ સંપૂર્ણ રીતે સફળ થશે નહિ. જ્યાં સુધી આપણે માનવી તરીકે જીવીએ ત્યાં સુધી, આપણે દરરોજ પતિત અવસ્થા અને પાપની સાથે દરરોજ સંઘર્ષ કરીશું. આપણે હંમેશા સ્મરણમાં રાખવાનું છે કે નિષ્ફળતાઓ સફળતાઓનો અંત નથી. આપણી નબળાઈઓ અને મર્યાદાઓ અંગે સંપૂર્ણ સમજ ખ્રિસ્ત પાસે છે, અને તેમનામાં આપણે દરરોજ નવી દયાને પ્રાપ્ત કરી શકીએ છીએ.(હિબ્રૂ ૪:૧૪-૧૬, યર્મિયાનો વિલાપ ૩:૨૨-૨૩). જ્યાં સુધી આપણે આપણા પાપ અને ખામીઓની કબુલાત કરીએ ત્યાં સુધી દેવ આપણને શુધ્ધ કરવા, સાજા કરવા અને પુનઃ સ્થાપિત કરવા પ્રતિજ્ઞા આપે છે. (૧ યોહાન ૧:૯).

પાઉલ લખે છે, "... તો સારું કરતા આપણે થાકવું નહિ; કેમ કે જો કાયર ન થઈએ તો, યોગ્ય સમયે લણીશું." (ગલાતી ૬:૯). તમારી પરિસ્થિતિઓ કેટલી પણ કઠણ હોય તોપણ તમને અંત સુધી જોવા દેવના હેતુમાં તમારો જે વિશ્વાસ છે તેને કદી છોડશો નહિ. મદદ માટે ખ્રિસ્ત તરફ દ્રષ્ટિ કરીને ધીરજ ધરો અને સતત યાદ રાખો કે કસોટીઓ તમારામાં ધીરજને ઉત્પન્ન કરશે, અને ધીરજ તમને અને તમારી સેવાને વિશ્વાસ માટે એક મજબૂત સાક્ષી બનાવશે.

ક. મંડળી સ્થાપના માટેના તેડાનો અને દર્શનનો સ્વિકાર કરવો.

૧. તમે સ્વિકારો કે ના સ્વિકારો તોપણ મંડળી સ્થાપના કરવા દેવ તમને તેડી શકે છે.
   અ.બળતા ઝાડવા મધ્યેથી સેવા માટે મૂસાને તેડવામાં આવ્યો હતો.
   બ. ઘઉં ઝુડતી વેળાએ ગીદીયોનને તેડવામાં આવ્યો
   ક. નીનવેહ જઈને પસ્તાવાનો સંદેશ પ્રગટ કરવા દેવે યૂનાને તેડયો હતો છતાં યૂનાએ દેવની હાજરીમાંથી અને તેડાને આધીન થવાને બદલે નાસી જવાનો પ્રયાસ કર્યો.
   ડ. આજ્ઞાપાલન બલિદાન કરતા ઉત્તમ છે.(૧ શમુએલ ૧૫:૨૦-૨૬)

૨. જ્ઞાન માટે પ્રાર્થના કરો અને પ્રભુ પાસેથી સ્પષ્ટ અને ચોક્કસ સવાલોના ઉત્તર માંગો (યાકૂબ ૧:૫,૬બ)
   અ. મંડળી સ્થાપના કરવા દેવ તમને દોરવણી આપે છે કે નહિ તે પૂછો.
   બ. મંડળી સ્થાપના કરવા દેવ તમને ક્યાં દોરવણી આપી રહ્યા છે તે પૂછો.
   ક. મંડળી સ્થાપના કરવા દેવ તમને ક્યારે દોરવણી આપી રહ્યા છે તે પૂછો.
   ડ. મંડળી સ્થાપના કરવા દેવ તમને કઈ રીતે દોરવણી આપી રહ્યા છે તે પૂછો.

દેવ તમારાં સવાલોથી ડરતા નથી તેમ જ તમને સવાલોના ઉત્તર આપવા પણ તે ડરતા નથી. ઘણીવાર આપણે ખરો સવાલ પૂછવામાં નિષ્ફળ જઈએ છીએ અને તેને કારણે તેમના તેડાને પ્રતિભાવ આપવામાં આપણે સરળતાથી ભૂલ કરી બેસીએ છીએ.પ્રેરિત

પાઉલને પણ મક્દોનીયા જવા માટે પવિત્ર આત્માના સહાયથી ચોક્કસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પાઉલની તે મૂળભૂત યોજના કે ઈરાદો નહોતો પણ દેવે તેને ઘણી સ્પષ્ટતાથી જણાવ્યું કે તેણે મક્દોનીયામાં જઈને એક માણસને મદદ કરવાનું છે. પવિત્ર આત્માના માર્ગદર્શનથી ત્યાં અગાઉથી જ એક માણસ સુવાર્તાને સારુ તૈયાર, આતુર અને ગ્રહણશીલ હતો. સ્પષ્ટ માર્ગદર્શન અને ડહાપણ માટે મદદ માંગવું ઘણું નિર્ણાયક છે.

૩. દેવના ત્રણથી ચાર લોકો પાસેથી પરામર્શ શોધો. (નીતિવચનો ૧૧:૧૪)

અ. ખાતરી રાખો કે તેઓમાંથી ઓછામાં ઓછા બે વ્યક્તિઓ પાસે મંડળી સ્થાપના અને પાળકીય સેવાનાં અનુભવ હોય.

બ. સંભવિત મંડળી સ્થાપનાનાં કામ માટે તમારી કઈ નબળાઈઓ અને શક્તિઓને તેઓ જુએ છે તે અંગે સુઝબુઝ માંગો.

ઘણા અનુભવી લીડરો પાસેથી પ્રાપ્ત કરેલ પરામર્શ અને ડહાપણ તમને ઘણા જોખમોથી બચાવશે અને સમસ્યાઓને ટાળવામાં સંભવિત સહાય તમને કરશે. મંડળી સ્થાપનાના માર્ગમાં જે લોકો અગાઉ ચાલી ચુક્યા છે તે લોકો તેઓની સફળતાઓ અને નિષ્ફળતાઓ અંગેના અનુભવો તમને જણાવી શકે છે.

સાંભળવામાં ચપળ થાઓ, પણ કાર્ય કરતા પહેલા સર્વ પરામર્શને પ્રાર્થનાપૂર્વક તપાસો.(યાકૂબ ૧:૧૯). તમારા જીવનમાં નિરીક્ષણ કરેલ તમારા સંભવિત અધ:પતન કે નબળાઈઓને જો કોઈ વ્યક્તિ દેખાડે તો નમ્રતા અને ગ્રહણશીલ મનોવલણ રાખો. તમને આપવામાં આવેલ પરામર્શ જો તમને પસંદ ન આવે તો તેનાથી નારાજ ન થશો, તે પરામર્શને પ્રાર્થનાપૂર્વક પ્રભુને સમર્પિત કરો અને તેમના દ્રઢીકરણ અને પ્રકટીકરણને સારુ પ્રાર્થના કરો.

૪. તમારા નિર્ણયમાં માર્ગદર્શન આપવા દેવને મંજૂરી આપીને પ્રાર્થના અને ઉપવાસ કરો (પ્રે.કૃ.૧૩)

અ. તમારી સાથે વાત કરવા પવિત્ર આત્માને જણાવો (યોહાન ૧૪:૨૬ અ)

બ. તમે તમારા પોતાના તેડામાં ચલાયમાન, કાર્યરત અને સંશોધન ના કરો.

આ બલિદાનયુક્ત પ્રાર્થનાની રીત સામર્થી પરિણામો લાવે છે. (એઝરા ૮:૨૧-૨૩; યશાયા ૫૮:૬) જૂના અને નવા એમ બંને કરારોમાં પ્રાર્થના અને ઉપવાસ એક અપેક્ષિત શિસ્ત રહ્યું છે અને તેના લીધે હંમેશા મોટા પરિણામો આવ્યા છે.

મૂસાએ ઓછામાં ઓછા બે વાર ચાળીસ દિવસનાં ઉપવાસ કર્યા જેની નોંધ કરવામાં આવી છે. ઈસુએ ચાળીસ દિવસના ઉપવાસ કર્યા અને તેમના અનુયાયીઓને ઉપવાસ કરવા જણાવ્યું. રાજા દાઉદે ઉપવાસ કરીને પોતાને નમ્ર કર્યો. સફળતા, ઇસુ સાથે વધુ ઘનિષ્ઠ સંબંધ, પરિવર્તન, વ્યક્તિગત જાગૃતિ અને અસાધારણ કામો માટે ઉપવાસ કરવા વિશ્વાસીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

આત્મિક યુધ્ધની અતિ આવશ્યક રીતોમાં પ્રાર્થના અને ઉપવાસ છે. મંડળી સ્થાપના માટે શરૂઆતના તબક્કાની યોજનામાં તમે હોય કે તમે પ્રક્રિયામાં આગળ વધી ગયા હોય – જયારે તમને એવું લાગે કે તમે જય પામી ના શકો એવી ઘણી કપરી અડચણોથી ઘેરાય ચુક્યા છો ત્યારે છુટકારા માટે પ્રાર્થના અને ઉપવાસ કરવાનો તે સમય છે.

૫. તમારી સ્થાનિક મંડળી અને લીડરશીપ તરફથી પુષ્ટિ કરી લો. (પ્રે.કૃ ૧૩)

અ. પાઉલ અને બાર્નાબાસને તેડવામાં આવ્યા, માન્ય કરવામાં આવ્યા અને તેઓનાં તેડાને દ્રઢ કરવામાં આવ્યા.

બ. કોઈ એક તંદુરસ્ત સ્થાનિક મંડળીમાં સેવા કરવાથી પુષ્ટિ અને કાર્ય સોંપણી એ જ રીતે મળી શકે છે.

જો વર્તમાનમાં તમે કોઈ એક સ્થાનિક મંડળીમાં સેવા આપી રહ્યા હોય તો, લીડરશીપ હેઠળ પોતાને સમર્પિત કરો અને તેઓનાં તરફથી પુષ્ટી પ્રાપ્ત કરો. જો તમે કોઈ પણ સ્થાનિક મંડળીમાં નથી, પણ બાઈબલ સ્કુલના એક વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરી રહ્યા છો કે તમારા સમુદાયમાં તમે એકમાત્ર વિશ્વાસી છો, તો શક્ય હોય તો અન્ય ખ્રિસ્તી આગેવાનો પાસેથી પરામર્શ અને પુષ્ટિ શોધો.

મંડળી સ્થાપના કરવાના કામ માટે જયારે તમને મોકલવામાં આવી રહ્યા છે ત્યારે તમારા તેડાની પુષ્ટિ ઘણીવાર પ્રાર્થના, ટેકો અને આશીર્વાદની જોગવાઈ કરી આપશે. પણ જો તમે પુષ્ટિ કર્યા વિના તે કામ કરવા પ્રયાસ કરશો તો, તમારો નિર્ણય એક બળવાખોરી તરીકે કે મંડળીના ભાગલા પાડવાના પ્રયાસ તરીકે જોવામાં આવશે.

૬. તેડાની પુષ્ટિ માટે આંતરિક શાંતિ માંગો અને અપેક્ષા રાખો. (યોહાન ૧૪:૨૭).

અ. વિવિધ પ્રાયોગિક પુષ્ટીકરણ પછી, મંડળી સ્થાપકે ખાતરી અને શાંતિનો અનુભવ કરવો જોઈએ. (ફીલીપ્પી ૪:૬,૭)

થોડી આશંકા કે ચિંતા રહે તેની અપેક્ષા કરી શકાય. છતાં, તે એવી લાગણીઓ હોવી ના જોઈએ જે તમને વિચલિત કરતી હોય. અસાધારણ રીતે શાંતિ આપવા દેવ ખાતરી આપે છે. આ સ્થાનથી હવે તમે દ્રઢ મનોબળથી આગળ ધપી શકો છો.

જો તમે પરિણીત છો તો શાંતિ અને એકતા તમારા તેમજ તમારા જીવનસાથીના હૃદયમાં રાજ કરતા હોવા જોઈએ. દેવ એકતાની સાથે શાંતિના આશીર્વાદો આપે છે, પણ જો તમારું પરિવાર અને જીવનસાથી એકતામાં ના હોય તો, સાચી શાંતિનો અનુભવ કરવું અસંભવ થઇ પડે છે.

૭. ઝગડા કે મુંઝવણ ઉભી કરવા દેવ બોલતા નથી. અસ્વસ્થ લાગે તોપણ, દેવનું માર્ગદર્શન આંતરિક શાંતિ લાવશે.(એફેસી ૧:૧૭-૧૮, લૂક ૧૦:૨૧).

દેવ તરફથી મળતું માર્ગદર્શન હંમેશા ઘણું સરળ હોય છે. દેવની ભવ્યતા ઘણી ચોક્કસ અને અકળ હોય છે છતાં તેમનું માર્ગદર્શન આપણે સમજી શકીએ અને લાગુકરણ કરી શકીએ તે રીતે આપણને આપવામાં આવે છે.

# ૫. તમારી મંડળીનાં મૂલ્યો, દર્શન અને કાર્યશૈલી

(શિક્ષણનો અંદાજીત સમય ૪૫ મિનિટ)

અ. **સેવા કઈ રીતે કરવી તે અંગેની તમારી માન્યતાઓ અને પ્રાથમિકતાઓનાં વિધાનો તમારા મૂલ્યો છે. તેઓ તમને અને તમારી મંડળીને જે સૌથી વધારે મહત્વના લાગે એવા સેવામાંના મુદધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.**

તમારા જીવનશૈલી અને કાર્યપ્રણાલીમાં તમને જે બાબતો મહત્વની લાગે છે તે તમારા મૂલ્યો છે. તેઓ તમારી પ્રાથમિકતાઓને નક્કી કરનારા હોવા જોઈએ, અને કદાચ તમારું જીવન અને મંડળીમાં જે સ્તરની સફળતા તમે ઈચ્છો છો તેના માપદંડ માટે તમે તેઓનો ઉપયોગ કરો છો.

જયારે તમે અને મંડળી એવી વર્તણુક રાખે જે તમારા મૂલ્યોની સાથે બંધબેસતી હોય ત્યારે સામાન્ય રીતે તમે સંતુષ્ટ થાઓ છો. પણ જયારે તે તમારા વ્યક્તિગત મૂલ્યોની સાથે બંધબેસતા ના હોય ત્યારે ગરબડીની ભાવના શરુ થાય છે અને તેઓ ઝડપથી નિરાશા અને નાખુશીના સ્ત્રોત બની શકે છે.

૧. તમારી મંડળી માટે પ્રભુને અતિ પ્રિય હોય એવી બાબતોને પ્રગટ કરવા પ્રાર્થના કરો. (ગી.શા. ૧૨૭:૧)

૨. તમારી પાસે અગાઉથી જ જે મૂલ્યો હોય તેના પર આધાર રાખીને પ્રભુ ઘણીવાર તમારી મંડળી માટે તેમના દર્શનને પ્રગટ કરે છે. આમાંના કેટલાંક મૂલ્યોને ધ્યાનમાં લો અને કયા સૌથી મહત્વના છે તે નક્કી કરો.

- સુવાર્તાપ્રચાર: સંબંધિત, પ્રચાર, દયાના કાર્યો
- ખુલાસાત્મક શિક્ષણકાર્ય
- અનેક લોકજૂથોમાં સેવાકાર્ય
- સર્જનાત્મકતા
- કલા
- આરાધના
- વ્યક્તિગત ધોરણે શિષ્ય બનાવવું
- નાના જૂથમાં સેવા
- સામાજીક કાર્યો
- બાળકો મધ્યે ગુણવત્તાસભર સેવા
- સેવાકાર્યમાં સભ્યોની સામેલગીરી
- શાખા મંડળી સ્થાપના
- વિદેશોમાં સેવાકાર્યો
- અન્ય ખ્રિસ્તી સંસ્થાઓ સાથે સહકાર
- સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં અનુરૂપ સંગીત
- ટીમ સેવા (અનેક સ્ટાફ, કે સ્વયંસેવકોનો સ્ટાફ )
- પ્રેમાળ સંબંધો
- સાંસ્કૃતિક સાનુકુળતા
- સામુદાયિક સહભાગિતા
- પવિત્ર આત્મા દ્વારા સશક્તિકરણ
- સભ્યોની કાળજી
- પ્રાર્થના કેન્દ્રિત સેવાકાર્ય
- સમકાલીન કાર્યશૈલી
- અન્ય ......................................................

ઉપરોક્ત બાબતોમાંથી તમે જેની પસંદગી કરી હોય કે આ વિકલ્પોને બદલે લખ્યું હોય તેના પર આધાર રાખીને તમને સમજણ પ્રાપ્ત થશે કે કયા મૂલ્યો અને પ્રાથમિકતાઓ તમારી મંડળી અને

સેવાકાર્યમાં સક્રિય થશે. ઘણીવાર તમારા મૂલ્યો તમારા હૃદય, કે ભવિષ્યની આશા અને એક લીડર તરીકે મહત્વકાંક્ષાનું પ્રતિબિંબ દેખાડે છે.

૩. તમારા મૂલ્યો તમારા દર્શનને બળતણરૂપ હોવા જોઈએ. જો તમે સુવાર્તા પ્રચારને મૂલ્યવાન ગણો છો તો લોકોના સમુદાયને ખ્રિસ્ત માટે જીતવા તમારી પાસે દર્શન રહેશે. જો તમે દીકરી મંડળી- શાખા મંડળીને મહત્વ આપો છો તો તમે મંડળીઓના પરિવારના દર્શનનો વિકાસ કરશો. જો તમે પ્રાર્થનાને મહત્વ આપો છો તો તમે પ્રાર્થના સંચાલિત સેવાના દર્શનનો વિકાસ કરશો. જો તમે નાના જૂથોને મહત્વ આપશો તો તમે એક મંડળીના એવા દર્શનનો વિકાસ કરશો જે જૂથ સેવાનો ગુણાત્મક રીતે વૃધ્ધિ કરે છે.

બ. દર્શનનું વિધાન શું છે?

૧. તમારી મંડળી સ્થાપના માટે પસંદ કરેલ ભવિષ્ય અંગે તે એક સંક્ષિપ્ત વાક્ય છે.

૨. તમારી મંડળી શું કરે અને બને તે અંગે તમારી ઈચ્છાને દર્શાવનાર તે વાક્ય છે.

૩. દેવની મંડળી અંગે તે વિશ્વાસનામું છે.

૪. તે દેવને પ્રસન્ન કરનારું હોય છે. (હિબ્રૂ ૧૧:૧,૨ અને ૧૧:૬)

ક. તમારા દર્શન વિધાનનું લખાણ કરવું.

૧. તમારી મંડળી સ્થાપનામાં દેવ કરે એવા કયા કામો માટે તમે ભરોસો રાખો છો?

૨. તે સિધ્ધ કરવા તમે તેમનામાં કઈ રીતે ભરોસો રાખો છો?

૩. યાદ રહે કે તમારું દર્શન વિધાન તમારા મૂલ્યોના હાર્દને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ.

૪. તમારું દર્શન વિધાન સંક્ષિપ્ત હોવું જોઈએ.

૫. તમારું દર્શન વિધાન ૨-૩ વાક્યોમાં લખાયેલું હોવું જોઈએ.

ડ. તમારી મંડળી માટે સેવાની શૈલીને નિર્ધારિત કરવું.

૧. સંસ્કૃતિ અને લક્ષ્યાંકિત ભૌગોલિક ક્ષેત્રમાં શું મહત્વનું છે?

૨. સમુદાયની જરૂરતો કઈ છે? એક મંડળી સ્થાપક તરીકે આપવા માટે તમારી પાસે શું છે તેનું આંતરિક મૂલ્યાંકન પ્રથમ કરો. તમારા કૃપાદાનો, કૌશલ્યો અને અનુભવોને ધ્યાનમાં લો.

**આંતરિક મૂલ્યાંકન કરવા નીચે મુજબના સવાલ પૂછવાની જરૂરત હોય છે:**

- તમારા આત્મિક જીવનની વાસ્તવિક સ્થિતિ કઈ છે?
- સઘળી બાબતો ખરેખર કઈ રીતે ચાલી રહી છે?
- તમે કઈ બાબતોમાંથી પસાર થઇ રહ્યા છો અને કઈ બાબતોમાં સંઘર્ષ કરી રહ્યા છો?
- તમારી અડચણો કે સીમાઓ કઈ છે?
- આજે તમે કઈ જટિલ બાબતોનો સામનો કરી રહ્યા છો?
- તમે ક્યાં સફળતા અને વિજય પ્રાપ્ત કરો છો?
- મારા લગ્ન જીવન અને પરિવારની તંદુરસ્તી કેવી છે?

આ સવાલો તમે જીવનમાં અને વર્તમાન સેવામાં કઈ રીતે કામ કરી રહ્યા છો તે સમજવામાં સહાયક નીવડી શકે છે. જે કોઈપણ ક્ષેત્રમાં પવિત્ર આત્માની સહાયતા જોઈએ તેમાં બળવત્તર કરવા કે સુધારો કરવામાં આંતરિક મૂલ્યાંકન તમને મદદ કરશે. એક મંડળીની સ્થાપના કરતા પહેલા વ્યક્તિગત (આંતરિક) બાબતોનો ઉકેલ કરવામાં ન આવે તો તમે નિષ્ફળ જશો કે તમે એવી મંડળીની સ્થાપના કરશો જે શરૂઆતથી જ નિષ્ક્રિય હશે.

બીજી બાબત,મંડળી સ્થાપના કરવા લક્ષ્ય રાખેલ સમાજમાં તેઓના દૈનિક જીવન વ્યવહારની સ્થિતિ નક્કી કરવા બાહ્ય મૂલ્યાંકનને ધ્યાનમાં લો. જો ત્યાં અમુક ચોક્કસ વિષયો, સમસ્યાઓ અને જરૂરતો પ્રભુત્વ ધરાવતી હોય તો આ વિષયો સાથે સંપર્ક કરવા અને નાબૂદ કરવા કઈ રીત કે પધ્ધતિ શ્રેષ્ઠ રીતે કારગત રહેશે તે ધ્યાનમાં લો.

**બાહ્ય મૂલ્યાંકન કરવા તમારે નીચે મુજબના સવાલ પૂછવા જોઈએ:**

- તમારી સંસ્કૃતિની વાસ્તવિક પરિસ્થિતિઓ કઈ કઈ છે?
- તમારી મંડળીને અસર કરતી કઈ બાબતો તમારા સમાજમાં બની રહી છે?
- તમારી મંડળીમાં કઈ બાબતો થઇ રહી છે જે તમારી સંસ્કૃતિને અસર પાડે છે?
- લોકો કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે?
- કયા ટ્રેન્ડ હાલમાં ચલણમાં છે?
- તમારી મંડળી દ્વારા જો તમારા સમાજ પર સ્વર્ગ દ્વારા જીત હાંસિલ કરવામાં આવે તો તે કેવો દેખાશે?

આ સવાલો તમને તમારા સમાજની સ્થિતિ જાણવામાં અને કઈ જરૂરતો અતિ આવશ્યક છે તે જાણવામાં સહાયક નીવડશે. લોકોની જરૂરતો પૂરી પાડવા સુયોગ્ય સેવાકાર્યો અને સંબંધોના સેતુ રચવા તે તમને સહાય કરશે.

તમારાથી મંડળી સ્થાપનાથી સમાજમાં એક સંબંધના સેતુની રચના કરો ( ૧ કોરીન્થી ૯:૧૯-૨૩ )

સંબંધોના સેતુ તમારા લક્ષ્યાંકિત સમાજના લોકોના હૃદયો અને મનોની સાથેનું જોડાણ છે. તે તમારું એક સામાન્ય મંચ છે કે જ્યાંથી તમે તેઓની સાથે સંપર્ક, સંવાદ અને સેવા કરી શકો છો.

**વિદ્યાર્થીઓને તેઓના દર્શન વિધાન લખવા માટે ૨૦-૩૦ મિનિટનો સમય આપો. અને કેટલાક વિદ્યાર્થીઓને તેઓના દર્શન વિધાન જાહેરમાં પ્રગટ કરવા મંજૂરી આપો.**

**જો વિદ્યાર્થીઓને અસાઇનમેન્ટ અંગે ગેરસમજ હોય તો કોચિંગ અને માર્ગદર્શન માટેનો આ એક યોગ્ય સમય છે.**

**નીચે આપેલ અંતિમ નોંધથી સત્રનું સમાપન કરો.** (શિક્ષણનો અંદાજીત સમય ૧૫ મિનીટ)

ઈ. જવાબદેહી અને સહાય માટે અન્ય લોકો સાથે ચર્ચા, પુનઃ મૂલ્યાંકન અને સુધારો કરો.

૧. એક લીડર તરીકે તમે અન્ય લીડરની સાથે કે સક્ષમ લીડરોની સાથે તમારા મૂલ્યો, દર્શન અને સેવાની કાર્યશૈલી અંગે વાર્તાલાપ કરો તે ઘણું મહત્વનું છે.

૨. સાથે મળીને તમે દરેક ઘટક અને તેઓના હેતુ અંગે પુનરાવલોકન કરી શકો અને પ્રક્રિયામાં તેઓની ભૂમિકા અંગે સતત સ્પષ્ટતા અને પ્રકટીકરણ માટે પ્રાર્થના કરો.

૩. ભરોસાપાત્ર લોકો પાસેથી પરામર્શ પ્રાપ્ત કર્યા બાદ તમારા મૂલ્યો, દર્શન અને કાર્યશૈલીમાં સુધારો કરો.

અ. અન્ય અનુભવી લીડરોની સલાહ તમને સમય, શક્તિ અને સંસાધનોની બચત કરવામાં સહાયક નીવડી શકે છે.

બ. અન્ય લીડરોની સાથેની ચર્ચા તમારા લક્ષ્યાંકિત ભૌગીલિક ક્ષેત્ર અને સમાજને સમજવામાં સહાયક પૂરવાર થઇ શકે છે.

ક. ઈશ્વરીય પરામર્શ તમને સૌથી મહત્વની બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં, અને જે બાબતો ગૌણ છે તેઓથી દૂર રહેવામાં સહાયક થશે.

ડ. જો બદલાણ જરૂરી હોય તો તમારી મંડળી સ્થાપનામાં સહાયક નીવડે એ રીતે તમારા મૂલ્યો, દર્શન અને કાર્યશૈલીમાં સુધારો કરો.

## ૬. યોજના અને વ્યૂહરચના

(શિક્ષણનો અંદાજીત સમય ૪૫ મિનિટ )

**અ. યોજના કરવી અને લક્ષ્યાંકો નિયુક્ત કરવા એ ઈશ્વરીય કામો છે.**

યોજના અને લક્ષ્યાંકો નિયુક્ત કરવાનું કાર્ય તમારા દર્શનને દેવની યોજના અને હેતુ તરફ એકધ્યાન રાખવા પ્રક્રિયાઓની પારખ અને અમલીકરણનું કાર્ય છે. નીતિવચનો ૨૯:૧૮ ખુલાસો કરે છે કે સંદર્શન વિના લોકો નાશ પામે છે.

૧. દર્શન શબ્દનો અર્થ થાય છે, તેમની યોજના અંગે દેવ તરફનું પ્રકટીકરણ.

૨. નાશ શબ્દનો અર્થ થાય છે, નિરંકુશ થવું, માર્ગદર્શન કે ધ્યાનનો અભાવ.

અ. સર્વ સૃષ્ટિ માટે દેવ પાસે યોજના હતી.(યશાયા ૩૭:૨૬).

બ. દરેક વ્યક્તિ માટે દેવ યોજના તૈયાર કરે છે.(યર્મિયા ૨૯:૧૧)

ક. વ્યુહાત્મક યોજના સમગ્ર શાસ્ત્રવચનમાં પ્રગટ કરવામાં આવેલ છે.

- વ્યુહાત્મક રીતે કાર્ય સોંપણી કરવા મૂસાને યિથ્રો દ્વારા સલાહ આપવામાં આવી હતી. (નિર્ગમન ૧૮:૧-૨૭)
- યરીખોનો પરાજય કઈ રીતે કરવું તે અંગે દેવ દ્વારા યહોશુઆને દોરવણી આપવામાં આવી હતી. (યહોશુઆ ૬)
- યરુશાલેમની દિવાલના જીર્ણોદ્ધાર માટે નહેમ્યાએ એક યોજના ઘડી અને તેને અમલમાં પણ આણી. (નહેમ્યા )
- સુવાર્તાનો ફેલાવો કરવા ઈસુએ શિષ્યોની ભરતી, તાલીમ અને મોકલવાની યોજના તૈયાર કરી (પ્રે.કૃ. ૧:૮)
- જ્યાં કોઈએ કદી પ્રચાર કર્યો ના હોય ત્યાં પ્રચાર કરવા પાઉલ પાસે યોજના હતી. (રોમન ૧૫:૨૦).

બ. ઘણા લોકો પાસે દર્શન હોય છે પરંતુ બહુ ઓછા લોકો લાગુકરણ કરવા માટે યોજના અને વ્યૂહરચના સર્જન કરે છે. મંડળી સ્થાપકે દેવની ઈચ્છાને જાણવું જ જોઈએ અને બંધ બેસતી યોજના તૈયાર કરવા માટે સમય આપીને પ્રયાસ પણ કરવા જોઈએ. (યાકૂબ ૪:૧૪,૧૫).

૧. યુસૂફના જીવનને અને વહીવટ, વ્યવસ્થા અને આયોજન શીખવવા દેવે તેને સંઘર્ષ અને કસોટીઓમાંથી પસાર થવા દીધો તે પણ ધ્યાનમાં લો.

૨. વહીવટી બાબતોને કઈ રીતે વાળવું કે જેથી તે આવનાર વર્ષોમાં મોટાં દુકાળના સમયોમાં પોતાના પરિવારની અને સમગ્ર દેશની કાળજી કઈ રીતે રાખી શકાય તે બાબતો યુસૂફ શીખ્યો.

૩. યોજનાની પ્રક્રિયાએ જોગવાઈ અને આશીર્વાદોના ચમત્કાર કરવા દેવને અનુમતિ આપી.

ક. **વ્યૂહરચના સ્પષ્ટ, લેખિત અને આકલન કરી શકાય એવી હોવી જોઈએ.**

૧.યોજનામાં કાર્ય કરવાની સ્પષ્ટ બાબતો કે લક્ષ્યાંકો નોંધ કરેલ હોવા જોઈએ

૨.દરેક કાર્ય કે લક્ષ્યાંક માટે એક અપેક્ષિત પરિણામ હોવું જોઈએ.

૩.દરેક પરિણામ સંખ્યા કે સમયમાં સામાન્યતઃ માપી શકાય તેવું હોવું જોઈએ.

૪. આ બાબતોને એક કેલેન્ડરમાં લખીને રાખવું જોઈએ કે જેથી પ્રગતિને પિછાણી શકાય.

૫. વ્યૂહરચનાના દરેક પગલા પૂર્ણ કરતા હોવાને લીધે પૂર્ણ કરેલ બાબતો અને ગંતવ્યસ્થાનની ઉજવણી કરવી જોઈએ.

૬. પરિણામો આઉટપુટની(નીપજ) જેમ સમાન નથી હોતા.

અ. પરિણામ : કોઈ પ્રવૃત્તિ કે પ્રક્રિયાના પરિણામે બનતી બાબત.

બ. નીપજ: કોઈ વ્યક્તિ કે વસ્તુ દ્વારા ઉત્પાદન કરેલ કોઈક જથ્થો.

ક. પરિણામો પરિવર્તનકારી, બદલાણની અસર પાડનાર અને વિવિધ ગ્રહણ ક્ષમતાએ દ્રશ્યમાન હોય છે. નીપજ સામાન્ય રીતે સંખ્યાકીય હોય છે અને તેના મૂલ્યનું આંકન ગુણવત્તાથી નહિ પણ કેવળ જથ્થાથી કરી શકાય છે.

ડ. પરિણામલક્ષી કાર્ય –પહેલ તંદુરસ્તી, બદલાણ અને ક્રમબધ્ધતાએ સંખ્યાકીય વૃધ્ધિમાં દોરી જશે.

ઈ. પરિણામલક્ષી મૂલ્યાંકનો નબળાઈઓના પૂરકો શોધવા અને અભાવના ક્ષેત્રોને ધ્યાનમાં લેવા જોગવાઈ પૂરી પાડશે.

ડ. **તમારા કાર્યક્ષમતામાં મહત્તમતા આપનાર યોજના અને વ્યૂહરચના છે.(નીતિવચનો ૨૯:૧૮).**

૧. સારાં લીડરો યોજનાઓ તૈયાર કરીને અમલમાં આણે છે.(ની.વ. ૧૬:૩, ગી.શા. ૯૦:૧૨)

૨. યોજના તૈયાર કરવામાં પવિત્ર આત્મા તમને માર્ગદર્શન આપશે.(ગી.શા.૨૦:૪; ૧૬:૯, યશાયા ૨૮:૨૯)

૩. દેવ પ્રેરિત યોજનાની સાથે જયારે વ્યક્તિગત ધગશ સંપર્કમાં આવે છે ત્યારે કાર્ય ક્ષમતાની મહત્તમતા વધી જાય છે.

૪. પૂર્ણ કરેલ લક્ષ્યાંકો અને તમારી પ્રગતિ પર દ્રષ્ટિ કરવાથી યોજના અને વ્યૂહરચનાની પરિપૂર્ણતાની પ્રક્રિયાને બળતણ અને પ્રેરણામાં ઉમેરો થશે.

૫. દર્શનને પૂર્ણ કરવાનાં હેતુથી જયારે તમે એક ટીમ સાથે સહકારમાં રહીને કામ કરો છો ત્યારે કાર્ય – ક્ષમતામાં ઝડપી વધારો થાય છે!

# ૭. મંડળીનો વહીવટ અને લીડરશીપ

(શિક્ષણનો અંદાજીત સમય ૪૫ મિનિટ )

બાઈબલના મત પ્રમાણે, મંડળીને ઘણી રીતે ઉલ્લેખ કરવામાં આવી છે. આપણે નિરીક્ષણ કરી શકીએ છીએ કે સ્થાનિક મંડળી એક જીવંત અવયવ છે જે ખ્રિસ્તનાં શરીરનું પ્રતિબિંબ છે. આપણે એ પણ જાણીએ છીએ કે મંડળી ખ્રિસ્ત દ્વારા સ્થાપિત કરેલ એક વ્યવસ્થા છે જે સમગ્ર શાસ્ત્રવચનમાં આજ્ઞા કરેલ નિયમો વડે સંચાલિત થાય છે. આત્મા સંચાલિત એક વ્યવસ્થા તરીકે, દેવે વૃધ્ધિ, સેવા, સંગતી અને તંદુરસ્તીને પ્રોત્સાહિત કરવા લીડરશીપની નિમણુક કરી છે. સમગ્ર ઇતિહાસમાં, મંડળી વહીવટની પ્રાથમિક ત્રણ પધ્ધતિઓએ ખ્રિસ્તી લીડરશીપ પર પ્રભુત્વ કરેલ છે. આ પધ્ધતિઓ સંસ્થાઓ કે સંસ્થાકીય માન્યતાઓની સાથે મુંઝવણ ઉભી કરનારી હોવી ના જોઈએ, પણ તેને બદલે તેઓ એક માળખાને પ્રગટ કરનારી હોવી જોઈએ જે સ્થાનિક મંડળીઓના અંતિમ હેતુઓની સેવા કરતી હોય.

**આપણે આ ત્રણ પ્રાથમિક વહીવટી પધ્ધતિઓની ચર્ચા કરીશું અને ત્યારબાદ શાસ્ત્રવચન તે અંગે શું કહે છે તે પણ ધ્યાનમાં લઈશું.**

અ. મંડળીની એકાકી લીડરશીપ

મંડળીએ વારંવાર તેઓની સંસ્કૃતીમાંની રાજકીય પધ્ધતિઓને; તેઓની શક્તિઓ અને ત્રુટીઓની સાથે અનુકરણ કરવા પ્રયાસ કર્યો છે. મંડળીના ધર્મપિતૃઓના અનેક લખાણોમાંથી પુરાવા પ્રાપ્ત થાય છે કે મંડળીની એકાકી લીડરશીપ રોમન સામ્રાજ્યની લીડરશીપ પધ્ધતિ સાથે જોડાણ ધરાવે છે. જેમ સમ્રાટ તેનાં રાજ્યમાં ભૌતિક બાબતોનાં સર્વેસર્વા હતો તેમ આત્મિક બાબતોમાં બિશપ, વડીલ, પાળક આત્મિક બાબતોમાં સર્વેસર્વા હતા જેઓ સર્વ સેવકો –ડિકનો- અને સભ્યો પર અધિકાર ધરાવતા હતા. મંડળીની એકાકી લીડરશીપની વ્યવસ્થા ધરાવનાર મંડળીઓ આજે પણ છે, વિશેષ કરીને રોમન કેથોલિક મંડળીઓમાં. આ પ્રકારની વહીવટી વ્યવસ્થા પૂર્તતા તો દાખવે છે પણ ભ્રષ્ટાચાર થવાનું જોખમ અહીં હંમેશા રહે છે.

બ. મંડળીની સમુદાયિક લીડરશીપ

દરેક વિશ્વાસીની યાજકીય પદવી અંગેના એક નવિનીકૃત વિચારધારાના મંડળીની સમુદાયિક વહીવટે પ્રોટેસ્ટંટ મંડળી પર પ્રભાવ પાડયો છે. આ પ્રકારની મંડળી વહીવટ, મહદઅંશે બાપ્ટીષ્ટ મંડળીઓમાં જોવા મળે છે, જે મંડળીના વડીલો, પાળકો, ડીકનો અને ટ્રસ્ટીઓના પદવીના મહત્વને જાળવી રાખે છે. છતાં, સત્તા મંડળીના સભ્યો પાસે જોવા મળે છે. સભ્યો પાસે વાર્ષિક બજેટ, મંડળીના કાર્યક્રમો અને નેતૃત્વની પદવીઓ માટે મત નાખવાનો અધિકાર હોય છે. આ પ્રકારની પધ્ધતિમાં ભાગલા થવાની શક્યતાઓ રહેલી છે, પણ સોંપેલ કાર્યભાર આ પ્રમાણેનાં ભ્રષ્ટાચારને રોકી શકે છે.

ક. વડીલ- સંચાલિત મંડળીની લીડરશીપ

અન્ય એક જાણીતી પધ્ધતિ વડીલ-સંચાલિત મંડળીનો વહીવટ છે. તેનો સરળ અર્થ થાય છે કે મંડળીની આગેવાની વડીલો દ્વારા કરવામાં આવે છે, જેઓને ડીકનો દ્વારા ટેકો આપવામાં આવે છે. મંડળીના મોટા નિર્ણયોમાં મંડળીના સભ્યોની પાસે બોલવાનો અધિકાર મર્યાદિત હોવા છતાં, નેતૃત્વ માટે બાઈબલ અનુસાર લાયકાત ધરાવનાર લોકો મંડળીના મુખ્ય નિર્ણયોમાં તેઓના મત રાખી શકે છે. આ પધ્ધતિ સભ્યો અને વડીલો વચ્ચે “ તેઓ અને આપણે” વાળું મનોવલણ ઉત્પન્ન કરી શકે છે, છતાં તે પૂર્તતા અને જવાબદેહીમાં સંતુલિત સ્તર ઉત્પન્ન કરે છે.

મંડળી વહીવટના વિવિધ પ્રકારોના નિરીક્ષણ આપણને આપણી નવી મંડળીની સ્થાપના માટે લીડરશીપની સ્થાપના કઈ રીતે કરવી તે પ્રાર્થનાપૂર્વક ધ્યાનમાં લેવા એક તક પૂરી પાડે છે.

**ગૃપમાં પ્રવૃત્તિ: ભૂતકાળમાં તમે મંડળી વહીવટના કયા પ્રકારનાં માળખાના એક ભાગ હતા તે અંગે વિચાર કરવા થોડો સમય લો. તે વહીવટ શૈલી અંગે તમને યાદ આવતી સારી બાબતો લખો. હવે તમને યાદ આવતી એવી બાબતો લખો જે અયોગ્ય કે બાઈબલના મત મુજબની ના હોય.**

ડ. મંડળી વહીવટ કેમ જરૂરી છે તેના મુખ્ય ત્રણ કારણો:

- તે વધુ બાઈબલ સંવાદિતા લાવશે.
- તે વધારે આત્મિક અને સંસ્થાકીય એકતા લાવશે.
- તે વધારે લીડરશીપ જવાબદારીની ખાતરી લાવશે.

**મંડળી વહીવટના કોઈપણ પ્રકાર અંગે વિચાર કરતી વેળાએ આ ચાવીરૂપ સવાલો પૂછવા જોઈએ:**

- શું તે વ્યવહારિક છે?
- શું તે પરંપરાગત છે?
- શું તે ઐતિહાસિક છે?
- શું તેના પર ભરોસો રાખી શકાય?
- શું તે સંસ્કૃતિમાં માન્ય થઇ શકશે?
- સૌથી મહત્વનો સવાલ, **શું તે બાઈબલ પ્રમાણે છે?**

નવા કરારની મંડળીમાં આપણે જેનું નિરીક્ષણ કરીએ છીએ તેની સાથે મંડળી વહીવટના આપણા માળખાને સંરેખિત કરવા આપણે દરેક પ્રયાસ કરવા જોઈએ. આપણા સ્થળો કે સીમાઓને લીધે હંમેશા આ બાબતો શક્ય ન હોવા છતાં, ઇસુ ખ્રિસ્ત, પ્રેરિતો અને નવા કરારની મંડળીના જીવન અને ઉપદેશો વડે દર્શાવવામાં આવેલ બાઈબલની પધ્ધતિઓ અને સત્યોમાં મંડળી વહીવટનું માળખું કાર્યરત રહેવું જોઈએ.

ઈ. નેતૃત્વ કરનાર લીડરોના ઈલ્કાબ, ભૂમિકાઓ અને પદવીઓ

**વડીલો**

મંડળીને લીડરશીપ પૂરી પાડવા દેવ જેઓની પસંદગી કરે છે એવા લોકો માટે બાઈબલના અંગ્રેજી અનુવાદોમાં ઉલ્લેખ કરવામાં આવતો સર્વ સામાન્ય ભાષાપ્રયોગ “વડીલો” છે. કેટલીક વખતે “રખેવાળ” શબ્દને વડીલ શબ્દ સાથે એકબીજાના પૂરક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. ૧ તિમોથી ૪:૧૧-૫:૨ પરથી સ્પષ્ટ છે કે વડીલોને તેઓની લાયકાત પ્રમાણે નિમણૂક આપવાની છે. નિમણૂક તેઓના પ્રગટ કરાયેલ આત્મિક કૃપાદાનો, પરિપકવતા, સમજ, ચારિત્ર્ય અને શાખ પર આધારિત હોવી જોઈએ.

તેઓને પ્રચાર, ઉપદેશ, વહીવટ, પરામર્શ, પાળકીય કામ, પ્રબોધ, સુધારો, મેન્ટરીંગ, ઠપકો, શિસ્ત, સંચાલન આપીને મંડળીના જીવનના દરેક ક્ષેત્ર માટે જવાબદારી અને દેખરેખ આપવા નવા કરારની મંડળીના વડીલો જવાબદાર હતા. પ્રેરિતોના કૃત્યો ૪: ૩૬-૩૭ અને ૧૧:૨૯-૩૦ પ્રમાણે, વડીલો મંડળીની નાણાંકીય વિષયોનું પણ સંચાલન કરતા, પરંતુ કાળજી રાખવામાં આવતી કે કોઈ પણ પ્રકારની અયોગ્ય બાબત તેઓમાં પ્રવેશે નહિ.

**શાસ્ત્રવચન મુજબ સિનીયર પાળક મંડળીના વડીલોમાં નેતૃત્વ કરનાર વડીલ હોવો જોઈએ.**

**ડીકનો:**

નવા કરારમાં આત્મિક લીડરશીપનો અન્ય એક પ્રકાર, "ડિકન" છે. આ ભાષાપ્રયોગનો શાબ્દિક અર્થ, "સેવક" છે. મંડળીના સેવકનાં અમુક ચોક્કસ પ્રકારને લાગુ કરવામાં આવે ત્યારે તેઓ એવા પુરુષો અને સ્ત્રીઓનો ઉલ્લેખ કરે છે જેઓએ સ્થાનિક મંડળીના વડીલો પાસેથી અધિકાર પ્રાપ્ત કર્યો હોય છે જેથી તેઓ ચોક્કસ રીતે સેવા કરી શકે છે. ડિકનની સેવા સ્થાનિક મંડળીના સેવકોમાંથી અને સભામાંથી પાઉલ જેમ તફાવત દેખાડે છે તે મુજબ તે કૃપાદાન છે.(ફીલીપ્પી ૧:૧).

**પ્રેરિતો:**

નવા કરારમાંના, કેટલાંક, પણ બધા જ નહિ, આત્મિક લીડરોનો ઉલ્લેખ કરવા, "પ્રેરિત" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે ભાષાપ્રયોગ મોટેભાગે બાર લોકો જેઓ ઈસુની પૃથ્વી પરની સેવા દરમિયાન તેમની સાથે રહેતા હતા તેઓ માટે વપરાયો છે પરંતુ સ્થાનિક મંડળીના લીડરશીપના સંદર્ભમાં તે વડીલના એક ચોક્કસ પ્રકારને દર્શાવે છે. પ્રેરિતો અને પાળકો વચ્ચેનાં ભેદને પારખવાનો એક માર્ગ એ છે કે મોટા ભાગના પાળકો વડીલો હોય છે જેઓ એક ચોક્કસ સ્થાનિક મંડળીમાં સેવા આપતા હોય છે જયારે પ્રેરિતો એવા વડીલો હોય છે જેઓ ખ્રિસ્તનાં પ્રાદેશિક, રાષ્ટ્રીય કે વૈશ્વિક શરીરના વિશાળ ભાગમાં સેવા આપતા હોય છે.

પ્રેરિતીય દેખરેખ સમિતિની બાહ્ય રચના વિશેષ કરીને મંડળીના જ્ઞાની અને અનુભવી લીડરોથી બનેલ હોય છે જેઓની સેવા અને શાખ એક સ્થાનિક મંડળીની પેલે પાર સુધી પ્રગતિ કરે છે. તેઓની ભૂમિકા એક મંડળીને આત્મિક દેખરેખ પૂરી પાડવા; અને સેવા તેમજ વહીવટ એમ બંને બાબતોમાં લીડરશીપને પરામર્શ આપવા અને જયારે પદવી ખાલી હોય ત્યારે એક સિનીયર પાળકની પસંદગી કરવામાં સહભાગી થવાની છે. તે જયારે આવશ્યકતા ઉભી થાય ત્યારે એક સિનીયર પાળકના શિસ્તમા ભાગ લેવા માટે અને સામાન્ય રીતોથી જયારે ઉકેલ ના આવે ત્યારે મંડળીની સમસ્યાઓને ઉકેલવા માટે નિમણુંક પામેલ હોય છે.

ઘણીવાર બાહ્ય પ્રેરિતીય દેખરેખ સમિતિ એવા લોકોનું જૂથ હોય છે જેઓએ મંડળી સ્થાપકને મંડળી સ્થાપના કરવા મોકલીને મંડળી સ્થાપિત કરી હોય, છતાં હરેક સમયે એ પ્રમાણે હોતું નથી.

**પ્રેરિતીય મંડળીઓ:**

કેટલીક મંડળીઓ પાસે અમુકવાર એક એવો અભિષેક હોય છે કે જે વિશ્વાસીઓના એક સ્થાનિક મંડળીના એક ચોક્કસ માપદંડથી આગળ વધે છે; જેનું કારણ કદાચ તેઓએ અન્ય ઘણી મંડળીઓની સ્થાપના કરી હોય કે અન્ય ઘણી સ્થાનિક મંડળીઓનાં આગેવાનો પર તેઓનો આગવો અને વિશાળ પ્રભાવ રહેલો હોય છે. આ પ્રકારની સભાઓ કેટલીકવાર "પ્રેરિતીય મંડળીઓ" કહેવાય છે. આ બાબતને કોઈ એક સંસ્થા કે સિધ્ધાંત સાથે જોડીને મુંઝવણમાં રહેવાની જરૂરત નથી, કેમ કે તે આ બાબતમાં એક કાર્યશૈલી અને પ્રભાવ છે. આ પ્રકારની સભામાં સિનિયર પાળક સ્થાનિક મંડળીમાં એક પાળક તરીકેની સેવા આપે છે એટલું જ નહિ પણ તે ખ્રિસ્તના વિસ્તૃત શરીરના કેટલાક ભાગમાં એક પ્રેરિત પણ હોય છે.

સ્થાનિક મંડળીઓ પાસે અમુકવાર એક એવો અભિષેક હોય છે કે જે વિશ્વાસીઓના એક સ્થાનિક મંડળીના એક ચોક્કસ માપદંડથી આગળ વધે છે; જેનું કારણ કદાચ તેઓએ અન્ય ઘણી મંડળીઓની સ્થાપના કરી હોય કે અન્ય ઘણી સ્થાનિક મંડળીઓનાં આગેવાનો પર તેઓનો આગવો અને વિશાળ પ્રભાવ રહેલો હોય છે. આ પ્રકારની સભાઓ કેટલીકવાર "પ્રેરિતીય મંડળીઓ" કહેવાય છે, ત્રિએક્તાના સિધ્ધાંતની માન્યતાના સંદર્ભમાં કોઈ અલગ શૈલીના ઉપયોગમાં, આ બાબતને કોઈ એક સંસ્થા કે સિધ્ધાંત

સાથે જોડીને મુંઝવણમાં રહેવાની જરૂરત નથી, કેમ કે તે આ બાબતમાં એક કાર્યશૈલી અને પ્રભાવ છે. આ પ્રકારની સભામાં સિનિયર પાળક સ્થાનિક મંડળીમાં એક પાળક તરીકેની સેવા આપે છે એટલું જ નહિ પણ તે ખ્રિસ્તના વિસ્તૃત શરીરના કેટલાક ભાગમાં એક પ્રેરિત પણ હોય છે.

ફ. નેતૃત્વની જવાબદારી માટે મંડળીનો વહીવટ આવશ્યક હોય છે.

સ્પષ્ટતાથી વ્યાખ્યાયિત કરેલ અને પ્રાયોગિક મંડળી વહીવટ સિનિયર પાળકની સાથે સર્વ લીડરો માટેની જવાબદારીમાં વધારો અને મજબૂતી માટે આવશ્યક છે. એક મજબુત અને સ્પષ્ટ જવાબદાર માળખું એક સ્થાનમાં હોવું ઘણું મહત્વનું છે. એક સ્પષ્ટ મંડળી વહીવટ વિના મંડળી વિકલાંગ અને નિરંકુશ થવાના જોખમમાં રહે છે. જે માળખાઓ સ્થાપિત કરવામાં આવે તે પાળકને ટેકો આપનાર હોવી જોઈએ અને તંદુરસ્તી અને જવાબદારી માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવું જોઈએ. જવાબદારીનો અર્થ નિયંત્રણમાં રાખવા વિષે નથી, પણ તે મંડળીનાં નૈતિક, આત્મિક અને નાણાંકીય સ્વાસ્થ્યને જાળવી રાખવા સલામતીના પગલાં છે.

ગ. વધારે આત્મિક અને માળખાગત એકતા

એક મંડળીની ઓળખ અને લાભ બાઈબલ મુજબની લીડરશીપ એટલે કે વડીલો, પ્રેરિતીય દેખરેખ સમિતિ અને ડીકનો વડે થશે. દરેક તેઓના પોતાના યોગ્ય કામ અને ભૂમિકામાં સ્થાનિક મંડળીમાં તેના હેતુઓને પૂર્ણ કરવાની સેવા કરે છે. જે મંડળી એકમત હોય છે તે ઘણી મજબુત હોય છે જયારે જે મંડળી આત્મામાં અને માળખામાં એકમત નથી હોતી તે અંતે પડી ભાંગે છે. (માર્ક ૩:૨૫).

સમગ્ર પવિત્ર શાસ્ત્રમાં બાઈબલ મુજબની આગેવાનીને ઘણી રીતે ઉલ્લેખિત કરવામાં આવેલ છે. સર્વમાન્ય લક્ષણો જે જોવા મળે છે તે એકતામાં જોવા મળે છે. એફેસી ૪:૧૧-૧૬ અન્ય એક નિર્દેશન કરે છે કે તાલીમ આપનાર એક કેન્દ્ર તરીકે મંડળીનું પ્રાથમિક ધ્યાન એકતા છે, અને દેવનાં રાજ્યના વિસ્તારને સારુ એકતા ઘણી આવશ્યક છે.

**પદવીઓના કાર્યભાર અને પ્રક્રિયાના સંદર્ભમાં ચાવીરૂપ ખ્યાલો**

- વડીલો સાથે મળીને કામ કરે છે અને સમૂહમાં નિર્ણય લે છે.
- આત્મિક અધિકાર હંમેશા આપવામાં આવે છે, તે છીનવીને કે વોટીંગ વડે લેવામાં આવતો નથી. તેથી વડીલો નીમાયેલા છે.
- ડીકનો(સેવકો) માંગ મુજબ સર્જન કરવામાં આવ્યા હતા. ડીકનો અધિકાર ચલાવતા નથી, પણ સેવા કરે છે. જ્યાં સુધી મંડળી મોટા પ્રમાણમાં ના વિસ્તરે ત્યાં સુધી કદાચ ડીકનોની જરૂરત ના ઉભી થાય.
- વ્યક્તિગતપણે વડીલો પાસે ઓછો અધિકાર હોય છે પણ સામૂહિક રીતે ઘણો મોટો અધિકાર ધરાવે છે.

**તમારી મંડળી વહીવટમાં અતિરેક ના કરો.** તમારા સંદર્ભમાં આધાર રાખીને મંડળી વહીવટ અતુલનીય રીતે સરળ થઇ શકે છે. છતાં, જયારે પ્રભુ તમારી મંડળીને સંખ્યા અને પ્રભાવમાં વૃધ્ધિ પમાડે ત્યારે વહીવટ અને વ્યવસ્થાનો નકાર કરવો ના જોઈએ. મંડળીના વહીવટનો નકાર મંડળીને તંદુરસ્તીમાં વૃધ્ધિ પામવામાં અડચણો ઉભી કરશે.

# ૮. મંડળીસ્થાપકટીમ

(શિક્ષણનો અંદાજીત સમય ૬૦ મિનિટ)

અ. દેવ તેમની યોજનાઓની પૂર્તતા માટે ટીમોનો ઉપયોગ કરે છે.(૨ તિમોથી ૨:૨)

૧. એક ટીમ માટે દેવની ત્રિએકતા નમૂનો છે.
૨. ઈસુએ ત્રણ વર્ષ બાર લોકોમાં પોતાનું જીવન રેડી દીધું.
૩. ઈસુએ બબ્બેની જોડીમાં ટીમોને મોકલી. (લૂક ૧૦:૧; માર્ક ૬:૭)
૪. ટીમોની વ્યવસ્થા બાઈબલ પ્રમાણેની પધ્ધતિ છે.(પ્રે.કૃ. ૧૩:૨)
૫. લગ્ન દેવ નિયુક્ત ટીમનો એક નમૂનો છે.
૬. તમારી પ્રથમ ટીમસાથી તમે જેની જોડે લગ્ન કર્યા હોય તે સાથી હોવું જોઈએ.

અ.મંડળીની સ્થાપના કરતા પહેલા પતિ અને પત્ની વચ્ચે એકતા હોવી જોઈએ.

બ. દેવ પતિઓને તેઓના પરિવારોમાં આત્મિક આગેવાનો થવા તેડે છે. તમારા પરિવારની આત્મિક તંદુરસ્તી માટે તમે જવાબદાર છો. ખ્રિસ્ત તેમની કન્યા, મંડળી પ્રત્યે જેવો પ્રેમ દર્શાવે છે એવો જ બલિદાનપૂર્વકનો પ્રેમ પતિઓએ તેઓની પત્નીઓ પ્રત્યે પ્રગટ કરવાનો છે. (એફેસી ૫:૨૫)

ક. દેવ સાથેના તમારા સંબંધ બાદ તમારા લગ્ન સાથી સાથેનો સંબંધ ઘણો અગત્યનો સંબંધ છે. દેવ ઈચ્છે છે કે પતિઓ તેઓની પત્નીઓને પ્રેમ કરે અને તેઓની પત્નીઓની આત્મિક પ્રગતિ માટે સમર્પિત થાય. (એફેસી ૫ : ૨૫-૨૮)

ડ. તમારા લગ્નની પ્રગતિ માટે તમે દરરોજ લઇ શકો એવા કેટલાક પગલાં છે. દરેક દિવસ એક તક છે કે જેમાં તમે તમારા લગ્નને વધારે સારું કે વધારે ખરાબ બનાવી શકો છો. જે રીતે એક માળી પોતાના બગીચાની સતત કાળજી રાખે છે તેમ તમારે તમારા લગ્નની સતત કાળજી રાખવી જોઈએ. આ ચાર સરળ આચરણો તમારા લગ્નને મજબૂતી તરફ દોરી લઇ જશે.

- દરરોજ, સાથે મળીને પ્રાર્થના કરો.
- દરરોજ તમારી પત્નીને જણાવો કે તમે તેણીને પ્રેમ કરો છો.
- દરરોજ તેણીને સહાય કરવા કંઈક કરો.
- દરરોજ તેણીની ગંભીરતાથી પ્રસંશા કરો.

બ. એકલા જવા કરતા ટીમમાં જવું વધારે અસરકારક હોય છે.

૧. એક ટીમમાં કૃપાદાનો અને કૌશલ્યોની વિવિધતા જોવા મળે છે (૧ કોરીન્થી ૧૨:૪-૧૧, ૨ તિમોથી ૪:૧૧)
૨. વિપરીત અને સંઘર્ષના સમયમાં ટીમો ટેકો આપે છે. (સભાશિક્ષક ૪:૧૦)

અ. એક ઘોડો બે ટન વજન ખેંચી શકે છે.

બ.તેથી, બે ઘોડાઓ સ્વતંત્ર રીતે ચાર ટન વજન ખેંચી શકે છે.

ક. પણ બે ઘોડાઓને સાથે જોડવામાં આવે તો તેઓ ઓગણીસ ટન વજન ખેંચી શકે છે.

૩. પાંચ પ્રકારની સેવા ટીમની રચના કરવા દેવને પ્રાર્થના કરો અને પ્રયાસ પણ કરો.(એફેસી ૪:૧૧-૧૩)

અ.સેવાકીય કૃપાદાનો દેવની યોજના પ્રગટ કરવાની સેવા કરે છે. તે કોઈ એક વિશ્વાસીમાં કે વિશ્વાસી દ્વારા કાર્યરત હોય તેના કરતા વધારે પૂર્ણ સમયના હોદ્દા કે તેડાના લક્ષણ છે. એફેસી ૪:૧૧-૧૩ માં ઝીણવટભરી નજર કરીએ તો જાણવા મળશે કે સઘળાં વિશ્વાસીઓ પાસે આ પાંચ પ્રકારના સેવાકીય કૃપાદાનો હોતા નથી. શાસ્ત્રવચન સ્પષ્ટતાથી જણાવે છે કે, "કેટલાંક".

બ. ઉદાહરણ: એક ભવિષ્યવચનને લીધે કોઈ એક વ્યક્તિ પ્રબોધક છે એવો અર્થ કાઢી શકાય નહિ. એ જ રીતે કેટલાક લોકો છે જેઓ પાળકીય પદવી પર બેઠાં છે જેઓ પાળકો તરીકે કૃપાદાન પામ્યા નથી, પણ તેને બદલે તેઓ અધિકાર ચલાવવા કે આગેવાની કરવા પ્રેરણાદાયી કૃપાદાન વડે ભરપૂર થઇ શકે છે.

ક. કૃપાદાન તમારા માટે પદવી અપાવનાર હોવું જોઈએ. ચારેબાજુ ફરીને પોતાની જાતને લોકોની આગળ એવી રીતે ના પ્રગટ કરો કે, હું 'ફલાણો પ્રબોધક' કે ' ફલાણો પ્રેરિત' છું. જો તમે પ્રબોધક કે પ્રેરિત છો અથવા સેવાકીય અન્ય કૃપાદાન જો તમને આપવામાં આવ્યું હોય તો તમારામાં જે કૃપાદાન છે તે અન્ય લોકો જોશે અને તમારો અને તમારા કૃપાદાનનો અંગીકાર કરશે.

ડ. આ અંગીકાર સેવાકીય પદવી કે કૃપાદાન માટે તમને ખિતાબ આપી દે એવું હંમેશા હોતું નથી. જે લોકો જાહેર કરે કે દાવો માંડે તેઓ તેઓના દાવામાં સાચા કે સાચા ના પણ હોય શકે. પાછલા ઘણાં વર્ષોથી આ 'પદવી' કે કૃપાદાનના દુરુપયોગે ઘણી નુકસાની કરી છે.

**૫ – પ્રકારની આ સેવાટીમ (કૃપાદાનો)ને એક હાથની આંગળીઓના ઉદાહરણનો ઉપયોગ કરીને રજુ કરી શકાય.**

**પ્રેરિત** – એક પ્રેરિત મંડળીઓની સ્થાપના અને બાંધણી કરે છે; તે એક મંડળી સ્થાપક છે. પ્રેરિત ઘણા કે સર્વ સેવાકીય કૃપાદાનોમાં સક્રિય હોય શકે છે. તે આંગળીઓમાં સૌથી મજબૂત એવો, "અંગૂઠો" છે, જે દરેક આંગળીને સ્પર્શ કરવા સક્ષમ હોય છે.

**પ્રબોધક** – ગ્રીક ભાષામાં પ્રબોધક એટલે અન્ય લોકોના સંદર્ભમાં " અગમ સૂચક" વાતો જણાવનાર. પ્રબોધક દેવના સંદેશવાહક તરીકે, દેવના વચન બોલનાર હોય છે. પ્રબોધક, "અંગૂઠા પાસેની આંગળી" છે કે " ચિંદનાર આંગળી" છે. તે ભવિષ્ય અને પાપ અંગે નિર્દેશન આપે છે.

**સુવાર્તિક** - સુવાર્તિક ઇસુ ખ્રિસ્તને માટે સાક્ષી આપવા તેડાયેલો હોય છે. ખ્રિસ્તના શરીરમાં લોકોને લાવવા સ્થાનિક મંડળી માટે તે કામ કરે છે કે જ્યાં તેઓને શિષ્યતાની તાલીમ આપી શકાય. તે સંગીત, નાટક, પ્રચાર અને અન્ય કોઈપણ સર્જનાત્મક રીતોથી સુવાર્તાપ્રચાર કરી શકે. તે "વચલી આંગળી" છે, સૌથી ઊંચી, જે ટોળામાં દેખાય આવે છે. સુવાર્તિકો ઘણું ધ્યાન ખેંચી લે છે પણ તેઓ સ્થાનિક શરીરની સેવા કરવા તેડાયેલા છે.

**પાળક** – પાળક લોકોના રખેવાળ- ભરવાડ- છે. સાચો પાળક પોતાનાં ઘેટાં માટે પોતાનું જીવન અર્પી દે છે. પાળક "વીંટી પહેરવાની આંગળી" છે. તે મંડળીની સાથે વિવાહિત છે; તેમાં રહેવા, દેખરેખ રાખવા, પોષણ કરવા અને માર્ગદર્શન આપવા.

**શિક્ષક** – શિક્ષક અને પાળક ઘણીવાર એકસાથે કામ કરનાર પદવી છે, પણ હંમેશા એ પ્રમાણે નથી હોતું. શિક્ષક પાયો નાખે છે અને વિગતો અને નક્કરતા જાળવી રાખવાની કાળજી રાખે છે. સત્યની અધિકૃતતા માટે  સંશોધન કરવામાં તે આનંદિત થાય છે. શિક્ષક "ટચલી આંગળી" છે. જોવામાં તે ભલે નાની અને વધારે મહત્વની ના લાગે તોપણ, સખત જગ્યાઓમાં ખોદકામ કરવા, પ્રકાશને ચમકતો કરવા અને સત્યના વચનને ચૂંટી કાઢવા ચોક્કસ રીતે તૈયાર કરાયેલ હોય છે.

તમારી ટીમમાં જયારે આ સર્વ પાંચ પ્રકારના સેવાકીય કૃપાદાનો હોવું શક્ય ના હોય ત્યારે મંડળી સ્થાપકે ધ્યાન આપવાનું છે કે ટીમમાં વિવિધ કૃપાદાનો ધરાવનાર લોકો હોય કે જેથી ટીમ વધારે અસરકારક અને સર્વ પ્રકારના લોકો સુધી પહોચી શકે.

**ક. ભરતી કરવાથી વિશેષ કામ છે ટીમની તાલીમ. તાલીમ શિષ્યતાની બાબત છે.**

**૧. તમારી ટીમના સભ્યોમાં મંડળી સ્થાપનાનું દર્શન નાખો કે જેથી તેઓ દર્શન અને યોજનાને ગ્રહણ કરી શકે.**

અ. દર્શન સ્પષ્ટ, અનોખું, સંક્ષિપ્ત અને ફરજ પાડનારું હોવું જોઈએ.

**૧. સ્પષ્ટ:** દર્શન લેખિત રૂપમાં હોવું જોઈએ અને એ રીતે રજુ કરવું જોઈએ કે દર્શન અંગે કોઈપણ સવાલ ના હોય.

**૨. અનોખું:** દર્શન વાસ્તવિક અને લોકો જેમાં સામેલ થઇ શકે એવું હાથવગું હોવું જોઈએ.

**૩. સંક્ષિપ્ત:** દર્શન સંક્ષિપ્ત હોવું જોઈએ કે જેથી તમારી ટીમના લોકો તે દર્શનને ઘણી સહેલાઈથી સમજી શકે અને અન્ય લોકો સમક્ષ ઘણી આસાનીથી રજૂઆત કરી શકે.

**૪. ફરજ પાડનારું:** દર્શન ટીમના સભ્યોને તેમજ ભવિષ્યની મંડળીના સભ્યોને પણ ફરજ પાડનાર અને પ્રેરણાદાયી હોવું જોઈએ.

**૨. તમારી ટીમના સભ્યોમાં મંડળી સ્થાપનાનાં મૂલ્યો નાખો.**

અ. મંડળી સ્થાપક અને ટીમના મૂલ્યો સુસંગત હોવા જોઈએ.

૧. સુસંગત મૂલ્યો ટીમમાં એકતા લાવે છે.

૨. સુસંગત મૂલ્યો ભાગલા થયા વિના સાથે મળીને સમસ્યાઓનો ઉકેલ કરવા સહાયક નીવડે છે.

૩. સુસંગત મૂલ્યો જયારે સમસ્યા ઉભી થાય કે દોષારોપણ કરવામાં આવે ત્યારે સાતત્ય જાળવી રાખવામાં સહાયક થાય છે.

બ. પ્રભુ સાથેના તમારા વ્યક્તિગત સંબંધને અને તમારી મંડળી સ્થાપનાનાં મૂલ્યોને વ્યાખ્યાયિત કરે એવા મૂલ્યોનું શિક્ષણ આપો.

૧. તમારા પરિવારમાં મૂલ્યોનો નમૂનો આપો અને તેઓને વ્યવહારમાં લાવો.

૨. જાહેર જીવનમાં મૂલ્યોનો નમૂનો આપો અને તેઓને વ્યવહારમાં લાવો.

૩. આ મૂલ્યોને તેઓના દૈનિક જીવનોમાં નમૂનો આપવા અને વ્યવહારમાં લાવવા તમારી ટીમને જોતરો.

### ૩. શિષ્યતા સમય અને શક્તિની માંગ રાખે છે.

અ. શિષ્યતા એક કાર્યક્રમ નથી પણ સંબંધ વડે વૃધ્ધિ પામવાની એક પ્રક્રિયા છે.

બ. ઈસુએ ત્રણ વર્ષ સુધી બાર પુરુષોમાં તેમનો સમગ્ર સમય, શક્તિ અને પ્રયાસનું રોકાણ કર્યું.

ક. કેટલાક લોકો અન્ય લોકોથી વધારે ઝડપથી વૃધ્ધિ કરે છે. શિષ્યતા માટે સર્વ લોકોને સમય અને શક્તિની આવશ્યકતા ઉભી થાય છે.

ડ. તમારી ટીમને શિષ્યતા અને તાલીમ માટે આપેલ થોડો સમય નિરાશાજનક પરિણામો લાવશે.

ઈ. લોકોને આત્મિક પરિપકવતાના સ્થાન સુધી માર્ગદર્શિત કરો કે જેથી તેઓ પણ તે પ્રમાણે કરીને અન્યોને સહાયક થાય.

ફ. લોકોના તાલંતો, કૌશલ્યો અને જ્ઞાનને ઓળખી કાઢો. લોકો પોતે કયા ક્ષેત્રોમાં ઉત્તમ છે તે નક્કી કરવા સહાય કરો, અને તે ક્ષમતાએ કામ કરવા તેઓને તે સ્થાનમાં રાખો.

ગ. લોકોની શક્તિઓ પર ધ્યાન આપો અને તેઓની શક્તિઓમાં વૃધ્ધિ કરવા અને સફળ થવા તેઓને સહાયક થાઓ.

હ. શિષ્યતાની પ્રક્રિયામાં ચારિત્ર્યના મુદ્દાઓ અંગે સંબોધન કરો. કૌશલ્યો, જ્ઞાન અને વ્યક્તિત્વથી ભરપુર લોકોમાં જો સત્યનિષ્ઠાનો અભાવ હોય તો તેઓ નૈતિક નિષ્ફળતામાં સરી પડે છે.

મ. એક ટીમની રચના કરવા ચોક્કસ લોકોને ચોક્કસ સ્થાનમાં રાખવું ઘણું આવશ્યક છે. લોકોની નિયુક્તિ અનુસાર ટીમની સક્રિયતામાં બદલાણ આવે છે. ટીમ રચના અને નિયુક્તિ અંગે ડો. જોન મેક્ષ્વેલ જે માહિતી આપે છે તેનું અવલોકન કરો.

- અનાવશ્યક ભૂમિકામાં અયોગ્ય વ્યક્તિ = પરાગતી, તમે અશક્ત થશો.
- આવશ્યક ભૂમિકામાં અયોગ્ય વ્યક્તિ = હતાશા, તમે નિરાશ થશો.
- અનાવશ્યક ભૂમિકામાં યોગ્ય વ્યક્તિ = મુંઝવણ, તેઓ ત્યાં કેમ સેવા કરે છે તે તેઓ જાણશે નહિ.
- આવશ્યક ભૂમિકામાં યોગ્ય વ્યક્તિ = પ્રગતિ, સફળતાપૂર્વક તમે આગળ વધશો.
- યોગ્ય ભૂમિકામાં યોગ્ય લોકો = ગુણાત્મકતા, તમે ઘણાં લોકો સાથે વેગ પકડશો.

## ૯. આત્મિક યુધ્ધ અને સેવાકાર્ય

(શિક્ષણનો અંદાજીત સમય ૪૫ મિનિટ )

અ. આત્મિક યુધ્ધ તો થશે જ. (એફેસી ૬:૧૨)

૧. શત્રુ દેવના લોકોનો અને તેમની યોજનાઓનો વિરોધ કરશે જ. (માર્ક ૩:૨૭)

૨. આત્મિક યુધ્ધ અનેક યુધ્ધભુમિઓમાં સર્જાશે.

અ. તમારા વ્યક્તિગત જીવનમાં.(યાકૂબ ૪:૭)

૧. હલવાનના રક્તથી અને આપણી સાક્ષીના વચનથી શત્રુને હરાવો. (પ્રકટીકરણ ૧૨:૧૧)

૨. ખ્રિસ્તમાં મળેલ અધિકારના પદથી.(એફેસી ૧:૨૦-૨૧,૨:૬, કોલોસ્સી ૨:૧૩-૧૫, લૂક ૧૦:૧૭, માથ્થી ૨૮:૧૮)

૩. વિશ્વાસની ઢાલથી અને આત્માની તલવારથી.(એફેસી ૬:૧૬, ૧ પિતર ૫:૯, માથ્થી ૪:૪,૭,૧૦)

૪. વિચારોને અંકુશમાં લાવીને અને તેઓને ખ્રિસ્તની આધીનતામાં લાવીને. (રોમન ૧૨:૨)

બ. વિવિધ સ્તરનાં બળો અને વિવિધ ક્ષેત્રોમાં.

૧. ઈરાનના સરદારને હરાવવા ગાબ્રીએલને મિખાએલની સહાયતાની જરૂર પડી હતી.(દાનિયેલ ૧૦:૧૧-૨૧)

૨.આત્મિક શક્તિઓના પ્રાદેશિક, શહેરી/ગ્રામીણ, વ્યક્તિગત રહેઠાણો છે. તેઓની યોગ્ય શૈલીથી ઓળખ કરીને તેઓની સાથે વ્યવહાર કરવો પડે છે. (એફેસી ૬ )

૩. સત્તા ધરાવનાર બળવાન માણસને ઓળખી કાઢવા અને જોવા દેવ તમને આત્મિક પારખ આપે માટે પ્રાર્થના કરો. ( ૨ કોરીન્થી ૧૦:૪)

બ. સેવાકાર્યના ક્ષેત્રને કે વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢો. (લૂક ૧૦:૮)

૧. મંડળીવિહોણા સ્થળો

૨. પ્રભાવના વ્યુહાત્મક ક્ષેત્રનાં સ્થળો

૩. સમગ્ર શહેર કે સમાજ પર ભારે પ્રભાવ ધરાવનાર સ્થળો.

ક. મોટી જરૂરતના સ્થળોને શોધો.

૧. અતિ ભારે ગરીબી સ્તરનાં સ્થળો

૨. અતિ ભારે કુપોષણ સ્તરનાં સ્થળો

૩. અતિ ભારે ગરીબ, કંગાળ અને તરછોડાયેલ લોકોના સ્થળો.

૪. આત્મિક અંધકાર ધરાવનાર સ્થળો

૫. ધ્યાનમાં લેવામાં ના આવતા સ્થળો કેમ કે તેઓ એવા દેખાય છે કે જેઓને કોઈ જરૂરત નથી.

અ. ધનિક સમુદાય

બ. ઉચ્ચ વર્ણના લોકો

ક. રાજકીય કે સરકારી અધિકારીઓનાં સ્થળો

ડ. વણખેડાયેલા લોકો પાસે જાઓ અને સંદેશ આપો.(રોમન ૧૫:૨૦)

૧. ઇસુ ખોવાયેલાઓને શોધવા અને તારવા આવ્યા.

૨. જ્યાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી ના હોય ત્યાં સુધી જવા પાઉલે તેનું લક્ષ્ય બનાવ્યું હતું.

૩. ફસલની કાપણી માટે તૈયાર હોય એવા ખોવાયેલાં લોકો પાસે જાઓ.

ઈ. અહીંથી પૃથ્વીના છેડા સુધી.(પ્રે. કૃ. ૧:૮)

ફ. પારખવામાં આવેલ સ્થળોએ ઉપવાસ અને પ્રાર્થના યાત્રા કરો. (યહોશુઆ ૧:૩)

૧. આત્મિક મજબૂત ગઢોની વિરુદ્ધ પ્રાર્થના કરો.

૨. લોકોની આશિષ માટે પ્રાર્થના કરો.

૩. સુવાર્તાને ગ્રહણ કરનાર લોકોને ઓળખી કાઢવા પ્રભુને પ્રાર્થના કરો.(માથ્થી ૧૦:૧૧-૧૩, લૂક ૧૦:૫-૯)

ગ. પારખ કરેલ સ્થળોએ અવિશ્વાસીઓને સુવાર્તા પ્રગટ કરો.

૧. તમે અને તમારી ટીમ ખ્રિસ્તનો પ્રેમ પ્રગટ કરો.

૨. દોષારોપણ કર્યા વિના લોકો પાસે પ્રેમ અને કરુણાથી જાઓ.

૩. તમારા જીવનની સાક્ષીઓ અને તમારા જીવનમાં દેવના ઉધ્ધારક કામ અંગે જણાવો.(રોમન ૧૫:૧૮)

૪. ખ્રિસ્તમાં આવ્યા પહેલા તમે કેવા હતા અને હવે ખ્રિસ્ત સાથે તમે કેવા છો તે જણાવો.

૫. ખ્રિસ્ત તેઓના જીવનમાં પણ કઈ રીતે આશા, પ્રેમ, સ્વિકાર અને ઉધ્ધાર લાવી શકે તે તેઓને દેખાડો.

હ. લોકો માટે પ્રાર્થના કરો.(યોહાન ૧૪:૧૨, માથ્થી ૧૦:૮)

૧. બિમાર લોકોનાં સાજાપણા માટે પ્રાર્થના કરો.

૨. દબાયેલાઓના છુટકારા માટે પ્રાર્થના કરો.

ય. સ્પષ્ટતાથી સુવાર્તાનો ખુલાસો કરો.

૧. ઇસુ ખ્રિસ્ત એક માત્ર માર્ગ.(યોહાન ૧૪:૬)

૨. પસ્તાવો કરનાર ખોવાયેલા લોકો, ઈસુને પ્રભુ કબૂલ કરનાર અને તેમની સેવા કરવા સમર્પિત લોકોની સાથે પ્રાર્થના કરો.

જ. સુવાર્તાપ્રચાર બાદના દેખીતાં કામોમાં લોકોને સામેલ કરો.

૧. લોકોને મંડળીમાં આમંત્રણ આપો.

૨. નિત્યના વ્યક્તિગત સંબંધને સારુ તેઓને આમંત્રિત કરો

૩. લોકો વ્યવસાયી કૃત્રિમ સંબંધોને બદલે અધિકૃત સંબંધોની માંગ કરી રહ્યા છે.

૪. જો શક્ય હોય તો નવા વિશ્વાસીને એક બાઈબલ આપો.

૫. તેઓના વિશ્વાસના આગલા કદમ અંગે તેઓની આગળ ખુલાસો કરો અને શિષ્યતાની પ્રક્રિયામાં પ્રવેશ કરવા તેઓને સહાયક થાઓ.

૬. નવા વિશ્વાસીઓને તેઓનો ખ્રિસ્તમાં જે વિશ્વાસ છે તે અંગે અન્યોને જણાવવા પ્રોત્સાહિત કરો. (રોમન ૧:૧૬).

## ૧૦. નવા વિશ્વાસીઓને શિષ્યતાની પ્રક્રિયામાં જોડો.

(શિક્ષણનો અંદાજીત સમય ૬૦ મિનિટ )

અ.મંડળી સ્થાપક પાળકની સાથે તેઓના અનુભવો પર આધારિત થઈને મંડળી સ્થાપક ટીમ હવે નવા વિશ્વાસીઓને શિષ્યતાની તાલીમ આપે છે.

બ. જો ટીમમાં એક કે બે જ લોકો હતા તો આ નવા શિષ્યો શિષ્યતાની પ્રક્રિયામાં સામેલ થાય ત્યારે તેઓ તમારી પ્રથમ "ટીમ" બનશે.

ક. શિષ્યતાની તાલીમ પ્રક્રિયામાં નવા વિશ્વાસીઓને તેઓ જે શીખે તે વ્યવહારિક ઉપયોગમાં મૂકવા સામેલ કરો.

૧. જે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે તેનો નમૂનો, પ્રદર્શન અને મહાવરો આપો.(માથ્થી ૪:૧૯).

**ઉદાહરણ: સુવાર્તાપ્રચાર**

અ. તેઓ નિરીક્ષણ કરતી વેળાએ પ્રદર્શન કરો.

બ. સાથે કામ કરો કે જેથી અનુભવ પ્રાપ્ત કરે.

ક. તે કામ કરવા તેઓને મુક્ત કરો, તેઓને તમે નિરીક્ષણ અને સહાય આપો.

ડ. તેઓને તેઓની રીતે તે કામ કરવા દો.

૨. તમારા દર્શન વિધાન અને મૂલ્યો વડે શીખવો. મંડળી માટેના મૂલ્યો શિષ્યતાની પ્રક્રિયામાં બાંધણી અને માર્ગદર્શન કરતા હોવા જોઈએ.

અ. પોતે બાઈબલ કઈ રીતે વાંચવું તે તેઓને શીખવો.

બ. બાઈબલના ખ્યાલો પ્રમાણે કઈ રીતે અભ્યાસ અને પ્રાર્થના કરવી તે તેઓને શીખવો.

ક. કઈ રીતે પ્રાર્થના કરવી અને પ્રભુ જોડે વાર્તાલાપ કરવું તે તેઓને શીખવો.(માથ્થી ૬:૫-૧૩)

ડ. દશાંશ આપીને પ્રભુનું સન્માન કરવાના મહત્વ અને મૂલ્ય અંગે શીખવો.

ઈ. પ્રભુને સારુ દાનાર્પણ કરવાના હેતુ અંગે તેઓને શીખવો.

ફ. દેવને સમર્પિત એક સ્વસ્થ લગ્ન જીવન અને પરિવારની યોગ્ય ભૂમિકા અંગે શિક્ષણ આપો.

ગ. શિક્ષણની તકોનો ઉજવણી કરવા, કોચિંગ કરવા અને પ્રોત્સાહિત કરવા ઉપયોગ કરો.

ઈ. ગંતવ્યસ્થાનને મનમાં રાખીને શિષ્યતાની પ્રક્રિયાની શરૂઆત કરો.

આત્મિક રીતે પરિપકવ વ્યક્તિ તરીકે તમારી પાસે શું છે તે પણ ધ્યાનમાં લો. તે વ્યક્તિ કેવી હોવી જોઈએ તે અંગે વર્ણન અને વ્યાખ્યા આપો. આ વ્યાખ્યા વડે પ્રક્રિયાની રચના કરવાની શરૂઆત કરો જે તમને નવા વિશ્વાસીને અપરિપકવતામાંથી પરિપકવતામાં માર્ગદર્શિત કરવામાં સહાયતા કરશે. ઉપરોક્ત વિકલ્પોને ધ્યાનમાં લો, પણ તમારી મંડળી માટે શિષ્યતાની અજોડ પ્રક્રિયાનું સર્જન કરવામાં તમને માર્ગદર્શન આપવા પ્રભુને પ્રાર્થના કરો.

**જેટલીવાર શક્ય હોય તેટલીવાર પ્રક્રિયાનું પુનરાવર્તન કરો.**

અ. શિષ્યો અને મંડળીઓની સ્થાપના અને પુનઃ ઉત્પાદન દરેક મંડળીઓમાં રેડાવું જોઈએ. આદમને અપાયેલ અધિકાર ચલાવવાનો આદેશ અને ઈબ્રાહિમની સાથે દેવે કરેલ કરાર ગુણાત્મક વૃધ્ધિની સ્થિતિ અને મનોવલણની માંગણી કરે છે. મંડળીઓ અને વિશ્વાસીઓને આ આદેશમાંથી બાકાત રાખવાના નથી.

બ. પ્રક્રિયાનું પુનરાવર્તન કરવા અને અન્યોને એ જ પ્રમાણે કરવા તમે તાલીમ આપો ત્યારે નવા દર્શન, જ્ઞાન અને માર્ગદર્શન માટે પ્રભુની ઈચ્છા જાણવા પ્રયાસ કરો. પુન: ઉત્પાદન માટે, નવા લીડરોને આગેવાની અને પ્રગતિ કરવા મુક્ત કરવા જોઈએ. એ શક્ય છે કે તમે તાલીમ આપેલ અને મુક્ત કરેલ નવા આગેવાનો તમારા સેવાના પ્રભાવને વટાવી જાય. દેવની યોજનામાં તેઓની સફળતામાં તમે આનંદ કરો!

ક. પ્રેરિત પાઉલ દ્વારા ઉત્પ્રેરિત પુન: ઉત્પાદન અને શિષ્યતાનો નમૂનો ચાર કે તેથી વધુ પેઢીઓને આવરી લે છે. (૨ તિમોથી ૨:૨)

 ૧. પાઉલ (પ્રથમ પેઢી) તિમોથીને (બીજી પેઢી )
 ૨. તિમોથી વિશ્વાસયોગ્ય લોકોને (ત્રીજી પેઢી )
 ૩. વિશ્વાસયોગ્ય માણસો અન્ય લોકોને (ચોથી પેઢીને )

ડ. પ્રક્રિયાનું પુનરાવર્તન અને પુન:ઉત્પાદન કરવાના વ્યવહારિક કારણો.

 ૧. નવી મંડળીની સ્થાપના સુવાર્તા પ્રચારની સૌથી અસરકારક રીત છે.આંકડાકીય ગણતરી કરીએ તો સુવાર્તિક સભાઓમાં વિશાળ સંખ્યામાં લોકો સકારત્મક પ્રતિભાવ આપી શકે છે, પણ જો તેઓને સ્થાનિક મંડળીમાં સંપર્ક અને સામેલ કરવામાં ના આવે તો તેઓમાંના ૮૦% લોકો તેઓના વિશ્વાસનો ત્યાગ કરશે. તેથી મજબૂત સુવાર્તિક સેવાકાર્ય ધરાવનાર મંડળી એક સૌથી અસરકારક સુવાર્તા પ્રચારની રીત છે.
 ૨. એક નવી મંડળી આવશ્યકતામાં હોય એવા લોકોને સહાય અને પોષણ પૂરું પાડવાનું સ્થાન બની રહે છે. મંડળીઓએ સુવાર્તા પ્રચાર, બંધીવાનોને છુટકારો અને દબાયેલાઓને સહાય પ્રગટ કરવાનું છે. (લૂક ૪:૧૮-૧૯). સામાજિક સેવાકાર્ય આવશ્યક અને વિશાળ હોવા છતાં સુવાર્તા પ્રચાર કરવાની જરૂરતનું સ્થાન તેઓ લઇ શકતા નથી! બીજી કોઈપણ બાબત કરતા સૌથી વધારે મહત્વની બાબત લોકોની આત્મિક સ્થિતિ છે.(માર્ક ૮:૩૬)
 ૩. અગાઉથી અસ્તિત્વ ધરાવનાર મંડળી નવી મંડળીઓને સ્થિરતા અને સંસાધનો પુરા પાડે છે.એકવાર નવી મંડળીની સ્થાપના થયા પછી, હવે અન્ય નવી મંડળીઓ સ્થાપિત કરવાનો અને દેવના રાજ્ય માટે સ્થિરતા અને શક્તિનું સ્થાન થવાનો સમય છે.
 ૪.અગાઉથી અસ્તિત્વ ધરાવનાર લીડરશીપ ટીમ નવી સ્થાપિત કરેલ મંડળીને પ્રાર્થના, ટેકો, જ્ઞાન અને પરામર્શ આપી શકે છે. દુનિયામાં વ્યવહાર કરવા જેમ મા-બાપ પોતાના બાળકોને તાલીમ આપે છે તેમ નવી મંડળી દોરવણી અને સહાય માટે અગાઉથી અસ્તિત્વ ધરાવનાર મંડળી પર આધાર રાખી શકે છે. સર્વ મંડળીઓએ માતા-પિતા થવાની તૈયારી રાખવી જોઈએ અને નિયમિતપણે નવી મંડળીઓને જન્મ આપવો જોઈએ.
 ૫. પુન: ઉત્પાદન કરનાર મંડળીઓ પ્રદેશમાં આત્મિક ધગશ અને ઉત્તેજનાને ઉત્પ્રેરિત કરે છે. લોકો નવી બાબતોને લીધે ઉત્પ્રેરિત થઇ જાય છે અને ખાસ કરીને ખ્રિસ્તનાં અનુયાયીઓ તરીકે એ બાબત ખરી છે. એક નવી મંડળી સમાજમાં સ્ફૂર્તિ પૂરી પાડે છે અને આત્મિક વાતાવરણમાં પ્રેરક બદલાણ પૂરું પાડે છે.
 ૬. પુન:ઉત્પાદન ગુણાત્મકતા તરફ દોરી જાય છે, જે ઉમેરો કરવા કરતા પ્રગતિમાં સૌથી વધારે અસરકારક છે. ગુણાત્મકતા ક્રિયાશીલ દ્રષ્ટિકોણથી અને વિસ્તૃત રીતે પ્રભાવનો વધારો કરવાની રીતો શોધવાથી આવે છે. જયારે ટીમના સઘળા સભ્યોને પ્રભુને સારુ તેઓના ઓળખીતા ક્ષેત્રમાં કામ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે ત્યારે ગુણાત્મકતા વધુ સરળ થઇ જાય છે.

# ૧૧. મંડળી સ્થાપનાની ચળવળના ૧૦ મુખ્ય ચાવીરૂપ ઘટકો

(શિક્ષણનો અંદાજીત સમય ૩૦ મિનિટ)

૧. પ્રાર્થના - નવા લીડરોને શિષ્યતાની તાલીમ વેળાએ લીડરનું નિત્યનું પ્રાર્થનામય જીવન તબદીલ કરવામાં આવે છે. પ્રાર્થના દેવની શક્તિનો સ્રોત છે. પ્રાર્થના વિના લીડરો નિષ્ફળતામાં સપડાશે અને જે મંડળીઓની દોરવણી તેઓ કરે છે તેઓ ક્ષીણ થઇ જશે.

૨. સુવાર્તાની ભરપુર વાવણી – જે સઘળું કામ કરવામાં આવે તેમાં સુવાર્તા પ્રચાર હાજર હોવો જ જોઈએ.જીવન પરિવર્તિત કરનાર સુવાર્તાની શક્તિની વ્યક્તિગત સાક્ષીઓ અવિશ્વાસીઓને પ્રગટ કરવામાં આવે છે. દેવની ભલાઈ, જોગવાઈ, સાજા કરવાની શક્તિ, પ્રોત્સાહન અને શિસ્તનાં પગલાંઓ અંગેની સાક્ષીઓથી ખોવાયેલાં અને ઉધ્ધાર પામેલા એમ બંને પ્રકારનાં લોકોને પ્રોત્સાહન મળશે. આ બાબતો નિયમિતપણે માનવજાત સાથે દેવના આંતર વ્યવહારની સાક્ષી આપે છે.

૩. ઈરાદાપૂર્વક - મંડળીઓને ઈરાદાપૂર્વક અને જાણીબૂજીને સ્થાપિત કરીને આગળ લઇ જવામાં આવે છે. મંડળી સ્થાપનાની ચળવળો ક્રિયાશીલ મનોવલણ અને દ્રષ્ટિકોણથી શરુ કરીને જાળવી રાખવામાં આવે છે. નવા લીડરોનો વિકાસ, નવા સેવા ક્ષેત્રોનો લક્ષ્યાંક અને નવી મંડળીઓની સ્થાપના એ ઈરાદાપૂર્વકની સતત ચાલતી પ્રક્રિયા છે જેમાં યોજના અને વ્યૂહરચનાની જરૂર પડે છે.

૪. શાસ્ત્રવચનનો અધિકાર -સિધ્ધાંત, કાર્ય અને જીવનશૈલી માટે અધિકૃત માર્ગદર્શક શ્રોત બાઈબલ છે. શાસ્ત્રવચન હંમેશા મધ્યબિંદુએ હોવું જોઈએ. શાસ્ત્રવચનમાંથી ખસવાથી તરત કુપોષણ, દૂર્મત અને નિષ્ફળતા ઉદ્ભવે છે.

૫. સ્થાનિક લીડરશીપ – મજબૂત સ્થાનિક લીડરશીપ. દરેક સ્થાપિત કરેલ મંડળીએ પોતાના આગેવાનોને ઉભા કરી વિકાસ કરવો જોઈએ. લીડરોએ તેઓની સારી પેઠે આગેવાની કરવી જોઈએ કે જેથી તેઓ પણ અન્યોની સારી પેઠે દોરવણી કરવા સક્ષમ થાય.

૬. મજબૂત " બિનદીક્ષીત લીડરો" - મંડળીના સઘળા સભ્યો સુવાર્તાના "સેવકો" તરીકે જોવા મળે છે. દુનિયાદારી અને પવિત્રમાં કોઈ અલગતા નથી. એફેસી ચોથો અધ્યાય જણાવે છે કે સેવાના કામ માટે સઘળાંએ તૈયાર થવાનું છે. તેનો ભાવાર્થ એવો નથી કે સઘળા લોકો પૂર્ણ સમયનાં વ્યવસાયી સેવકો થશે. તેનાથી વિપરીત, સઘળાં લોકો પોતાના ઓળખાણના ક્ષેત્રમાં સેવા કરતા હોવા જોઈએ. ઓળખાણના આ વિવિધ ક્ષેત્રોમાં બદલાણની અસર મંડળીને ઝડપી ગુણાત્મકતાથી વૃધ્ધિ કરવા સહાયક થશે.

૭. શાખા કે ઘરની મંડળી – ઈમારતોની માંગ ઉઠતી નથી. મંડળીઓ સેવાકાર્યોમાં કેન્દ્રિત રહે છે. સેવાકીય મોટા ભાગની પ્રવૃત્તિઓ ઈમારતો કે સભાસ્થાનની બહાર કરવામાં આવે છે. સુવાર્તા પ્રચારનું કાર્ય ઈસુના કામની સાથે દેખીતો પૂરાવો હોય છે અને કાર્યમાં મહાન આદેશનું પ્રદર્શન થાય છે. મંડળીના ચાર દીવાલોની વચ્ચે સુવાર્તા પ્રચારનું કાર્ય થતું નથી પણ તે જ્યાં લોકો હોય ત્યાં થાય છે.

૮. મંડળીઓ મંડળીઓની સ્થાપના કરે છે - પુનઃ ઉત્પાદન અને વધુ લોકો સુધી પહોંચવાનું કાર્ય કુદરતી રીતે થાય છે. મંડળી સ્થાપનાની ચળવળો પુનઃ ઉત્પાદનના રંગસૂત્રો નાખીને ગતિને જાળવી રાખે છે. પુનઃ ઉત્પાદિત ના થવાનો કોઈ પણ મંડળી પાસે ઈરાદો હોતો નથી, અને તે કદી ધ્યાનમાં પણ આવવું ના જોઈએ.

૯. ઝડપી પુનઃ ઉત્પાદન – ખ્રિસ્તને માટે લોકો સુધી પહોંચવાની તાકીદની ગતિ. ખોવાયેલાં લોકોને માટે ખ્રિસ્તના અનુયાયીઓ તાકીદથી દોડતા હોવા જોઈએ. એને લીધે ઝડપી પુનઃ ઉત્પાદન અને ઝનૂની સેવાકાર્ય ઉભું થશે.

૧૦. મંડળીઓ તંદુરસ્ત હોય છે – તંદુરસ્ત મંડળીઓ પાસે હંમેશા પાંચ મૂળભૂત હેતુઓ હોય છે : આરાધના, સુવાર્તિક અને મિશનેરી સેવાકાર્ય, શિક્ષણ અને શિષ્યતા, સેવાના કામો અને સંગતી. આ મૂળભૂત પાંચ હેતુઓ મંડળીને તંદુરસ્ત, વિસ્તૃત અને પરિપકવ રાખશે. આ પાંચ હેતુઓ પુનઃ ઉત્પાદિત સ્વભાવ અને વલણમાં દોરી જાય છે.

## ૧૨. વ્યવસાયી ક્ષેત્રોમાં પ્રગટ કરવામાં આવતી મંડળી.

(શિક્ષણનો અંદાજીત સમય ૪૫ મિનિટ )

શહેરી ક્ષેત્રો કે આર્થિક વિષયોમાં ઉભરતા કેન્દ્રોમાં સૌથી વધારે સુસંગત.

પાળકો અને મંડળી સ્થાપકો પાસે વ્યવસાયના ક્ષેત્રોમાં પુરૂષો અને સ્ત્રીઓને તૈયાર કરવા અને શિષ્યો બનાવવા અને બદલાણના ઉદ્દીપક થવામાં તેઓની સાથે સહભાગી થવા મહત્વની ભૂમિકા રહેલી છે. મંડળી કેવળ રવિવારીય સંગતી નથી. મંડળી જીવંત છે અને દરરોજ ક્રિયાશીલ છે અને ખ્રિસ્તના અનુયાયીઓ દ્વારા તે પ્રદર્શિત થવી જોઈએ.

અ. વ્યવસાયી ક્ષેત્રોમાં મંડળીને મજબૂત કરવાનું મહત્વ:

**વ્યવસાયી ક્ષેત્રોની વ્યાખ્યાઓ**:

- વ્યવસાયી ક્ષેત્ર વેપાર, શિક્ષણ અને સરકારીતંત્રનું ક્ષેત્ર હોય છે. વિસ્તૃત ભાવાર્થમાં મંડળીની દીવાલોની બહાર સર્વ સ્થળે વ્યવસાયિક ક્ષેત્ર છે.
- વ્યવસાયનાં ક્ષેત્રો શક્તિ અને અધિકારના કેન્દ્રસ્થાન છે જ્યાંથી સામાજીક બદલાણ થઇ શકે છે.

**વ્યવસાયી ક્ષેત્રોનું મહત્વ**:

- પૃથ્વીને કબજે કરવા આપણને ઉત્પત્તિ ૧ માંથી સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો. આ દેવના મહિમાને અર્થે સઘળી બાબતોની કાળજી લેવા અધિકાર કરવાનો આદેશ આજે પણ અસરકારક છે અને તે વ્યવસાયી ક્ષેત્રોને લાગુ પડે છે. ઉત્પત્તિ ૧:૨૮-૩૦.
- આપણને મહાન આદેશ આપવામાં આવેલ છે: સર્વ દેશનાઓને શિષ્ય કરવાની આજ્ઞા પણ આપણને આપવામાં આવી છે. માથ્થી ૨૮:૧૮-૨૦; માર્ક ૧૬:૧૫
- કામ આરાધના છે; જો કોઈ વ્યક્તિ વ્યવસાયના ક્ષેત્રમાં દેવના મહિમાને અર્થે કામ કરે છે તો તે કામ તે વ્યક્તિને સારુ પવિત્ર છે! એ.ડબલ્યુ. ટોઝર: "વ્યક્તિના કામને દુનિયાદારી કે પવિત્ર બનાવનાર તે વ્યક્તિ કયું કામ કરે છે તે નહિ, પણ તે વ્યક્તિ તે કામ કેમ કરે છે તે બનાવે છે."

**સાંસ્કૃતિક પ્રભાવના આઠ ક્ષેત્રો** :

પ્રભાવના આ આઠ ક્ષેત્રો કોઈપણ સમાજ કે સંસ્કૃતિના પાયારૂપ ઘટકોને રજૂ કરે છે. પ્રભાવનું દરેક ક્ષેત્ર તે સમાજમાં વસવાટ કરતા લોકોના મનો અને દ્રષ્ટિકોણનું ઘડતર કરે છે. સંસ્કૃતિ પર પ્રભાવ છોડવા આપણને તેડવામાં આવ્યા છે, પણ સમાજના આ ઘટકો વિશ્વાસીઓ પર પણ પ્રભાવ પાડે છે. આ પહાડો પર શક્તિ અને અંકુશ ધરાવનાર લોકો દ્વારા નક્કી થાય છે કે તે પ્રભાવ ઈશ્વરીય છે કે નથી. આ ક્ષેત્રોમાં પ્રભાવ છોડવા આપણે ઈશ્વરીય લીડરોને ઊભા કરવા જોઈએ.

૧. સરકારીતંત્ર
૨. પરિવાર
૩. શિક્ષણ
૪. મંડળી
૫. મિડિયા
૬. કળા અને મનોરંજન
૭. વેપાર
૮. વિજ્ઞાન અને ટેકનોલોજી

પ્રભાવના આ આઠે આઠ ક્ષેત્રોને દોડાવનાર તે આર્થિકતંત્ર છે. આ એંજીનને દોડાવનાર ઈશ્વરીય વ્યવસાયી લીડરો હોય તે ઘણું મહત્વપૂર્ણ છે. વૈશ્વિકીકરણ દેવની યોજના છે. અભૂતપૂર્વ રીતોથી તે લોકોને જોડવા વૈશ્વિકીકરણનો ઉપયોગ કરી રહ્યા છે. પ્રભાવ છોડવા એક મહાન તક ઉપલબ્ધ છે.

બ. પાળકો તાલીમ આપનારાં અને મંડળી તાલીમ કેન્દ્રો છે.

1. મંડળી તાલીમ કેન્દ્ર છે. "સેવાના કામને સારુ દેવના લોકોને સજ્જ કરવા"નું પ્રાથમિક કાર્ય પાળકો અને શિક્ષકોનું છે. (એફેસી ૪:૧૧-૧૩)
2. વ્યવસાયી ક્ષેત્રો મિશન ક્ષેત્રો છે! વ્યવસાયી લોકોને વ્યવસાયના ક્ષેત્રોમાં સેવા કરવાની તાલીમ આપીને પાળકો દેવના રાજ્યનો વિસ્તાર મોટા પાયે કરી શકે છે. આંકડાકીય રીતે એક પાળક કરતા વધારે લોકોની સાથે દર સપ્તાહે વ્યવસાયી લોકો સંપર્કમાં આવે છે.
3. ફસલ પાકી ચૂકી છે પણ મજૂરો થોડાં છે.(લૂક ૧૦:૨)
4. લક્ષ્ય આપણી મંડળીઓમાં લીડરોને તૈયાર કરવાનું છે જેઓ તેઓનાં તેડામાં ક્રિયાશીલ થાય અને મંડળીમાં, સમાજમાં, વ્યવસાયના ક્ષેત્રોમાં અને જગતમાં દેવના રાજ્યનો ફેલાવો કરી શકે. તાલીમ આપનાર બનાવવા તેઓને તાલીમ આપો, શિષ્યો કરનાર થવા તેઓને શિષ્યતાની તાલીમ આપો.
5. સ્થાનિક મંડળી સાથેનું જોડાણ વિશ્વાસીઓને આત્મિક સંસાધનો પ્રાપ્ત કરાવનાર થવું જોઈએ જેના થકી દેવળોની દિવાલોની બહાર દેવના રાજ્યને સારુ સામાજીક પરિવર્તન હાંસિલ કરી શકાય. પોતાના પ્રભાવના ક્ષેત્રોમાં અસરકારકતા માટે વિશ્વાસીઓને સામેલ કરવા અને તાલીમ આપવા શિષ્યતાની પ્રક્રિયાને એક તક તરીકે જુઓ.

   આખી માનવજાતને આ સહિયારા સવાલો હોય છે:
   - મારા પરિવારની જરૂરતોની જોગવાઈ હું કઈ રીતે કરું?
   - મારા પરિવારના સંબંધમાં શાંતિ અને સુરક્ષા લાવવા હું કઈ રીતે જીવું?
   - મારા સંબંધો કઈ રીતે અર્થસભર હોય શકે?
   - જે વ્યવસ્થામાં હું રહું છું તે કઈ રીતે સુરક્ષા, ન્યાય અને આર્થિક તકોની જોગવાઈ કરી શકે?

   આ સવાલોનાં ઉત્તર આપવા દેવના રાજ્યના વ્યવસાયી આગેવાનોને તૈયાર કરી શકાય છે. એટલા સારુ ઈશ્વરીય, અસરકારક વ્યવસાયી આગેવાનોને ઉભા કરવા ઘણું મહત્વપૂર્ણ છે.

ક. મંડળીમાં વ્યવસાયી લીડરોને કઈ રીતે સજ્જ કરવા?
માણસોને પકડનારા કરવા વ્યવસાયી લીડરોને શીખવો.

માછલી પકડવા માટે યોગ્ય છટકાનો ઉપયોગ કરવું ઘણું મહત્વનું છે. માછલીઓ પોતાની ખાવાની ટેવો બદલનાર નથી. પૃથ્વી પર સફળતાપૂર્વક કઈ રીતે જીવવું તે ખ્રિસ્તીઓએ પ્રગટ કરવું જોઈએ. આર્થિક મુદ્દાઓ વૈશ્વિક છટકા સમાન છે. આપણા પ્રભાવના ક્ષેત્રોમાં દેવના વચનને વ્યવહારિક બનાવવા આપણે લાગુકરણ કરવું જોઈએ.

જયારે વ્યવસાયી વ્યક્તિને મંડળી દ્વારા તાલીમ આપીને સુસજ્જ કરવામાં આવે છે ત્યારે તે વ્યક્તિ વ્યવસાયના ક્ષેત્રોમાં અસરકારક રીતે "માણસોને પકડી" શકે છે. માનવજાતના સમરૂપ સવાલોના ઉત્તર આપવા બાઈબલના દ્રષ્ટિકોણનો ઉપયોગ કરવા વ્યવસાયી લીડરોને તાલીમ આપો.

વ્યવસાયી ક્ષેત્રોમાં સેવાને માન્યતા આપો અને શીખવો. (પૈસા, ભ્રષ્ટાચાર, ઈશ્વરીય સંબંધો અને લીડરશીપ)

- મંચ પરથી
- નાના જૂથોમાં
- સમાજમાં

વ્યવસાય કરવાના તેડાનું સંવર્ધન અને પ્રોત્સાહન આપો:

- વ્યવસાયી લોકોને તેઓના કામને એક સેવા તરીકે જોવામાં સહાયક થાઓ.
- તેઓની વ્યવસાયની યોજનામાં " સેવાકીય યોજના"સામેલ કરવા તેઓને પ્રોત્સાહિત કરો.

- મંચ પરથી અને નાના જૂથોમાં કામને દેવની આરાધના કરવાના સિધ્ધાંત તરીકે પ્રચાર કરો.
- વ્યવસાયી લીડરો પર હાથ મુકીને સેવા કરવા માટે નિયુક્ત કરો.

એક પાળક કે સેવાકીય લીડર તરીકે તમારે ઈરાદાપૂર્વક સંબંધો સ્થાપિત કરવા જોઈએ.

- થોડા વ્યવસાયી લીડરોની સાથે નિયમિતપણે મુલાકાત કરવા નક્કી કરો.
- તેઓના વ્યવસાયના ક્ષેત્રોમાં તેઓને વ્યક્તિગત ધોરણે મુલાકાત કરો.(જ્યાં તેઓ કામ કરતા હતા તે સ્થળે જઈને ઈસુએ પોતાના શિષ્યોને તેડયા).
- વ્યવસાયના ક્ષેત્રો સંબંધિત મુદ્દાઓની ચર્ચા અને અભ્યાસ કરો.
- વ્યવસાયી ક્ષેત્રોનાં લીડરોને વિવિધ પેઢીઓને જોવા, વિચારવા અને યોજના કરવા સહાયક થાઓ.

વ્યવસાયી લીડરો પાસેથી શીખો:

- મંડળી વહીવટ માટે આવશ્યક તેઓના માર્ગદર્શન અને વિચારોને માન્ય કરો.
- તમારી સેવા કે મંડળીના વ્યવસાયને સત્યનિષ્ઠાપૂર્વક અમલમાં લાવો; પૈસા અને લોકોનું સંચાલન સારી રીતે કરો.

ટાળવાની બાબતો અને મનોવલણ:

- વ્યવસાયી લોકોને "પૈસાના રજીસ્ટર" તરીકે વ્યવહાર કરવાથી દૂર રહો.
- વ્યવસાયી લોકોને દુષ્ટ કે દુનિયાદારી તરીકે વ્યવહાર કરવાથી દૂર રહો.
- પૈસાને અધાર્મિક દ્રષ્ટિકોણથી જોવાથી દૂર રહો.
- વ્યવસાયી લોકોને ટાળવાથી
- બનાવટી કે છળકપટ કરનારા ના થાઓ.

ડ. સૂચક પરિણામોની અપેક્ષા રાખી શકાય.

૧. દેવળોના દિવાલોની બહાર દેવના લોકો પોતાના પ્રભાવના ક્ષેત્રોમાં દેવના રાજ્યને સ્થાપિત કરવાની શરૂઆત દેવના લોકો કરશે.

૨. વિશ્વભરમાં દેવનાં રાજ્યને સુસંગત અનેક વ્યવસાયો સ્થાપિત કરવામાં આવશે.

૩. દેવનાં હેતુઓ માટે દેવના લોકો દ્વારા નવું વ્યવસાય કેન્દ્ર ઉત્પન્ન કરવામાં આવશે.

૪. સ્થાનિક મંડળીઓ જેઓ તાલીમ કેન્દ્રો બની છે તેઓ જોશે :

અ. વિશ્વાસીઓની પરિપકવતા

બ. વ્યવસાયક્ષેત્રોમાં શિષ્યતાની ચળવળો

ક. તેઓના શહેર અને સમાજમાં સુસંગત પ્રભાવ

ડ. મંડળી પ્રત્યે ખોવાયેલા લોકો આકર્ષિત થશે.

ઈ. દેવળોની દિવાલોની બહાર કામ કરે એવા દેવના રાજ્યનાં પ્રોજેક્ટ અમલમાં આવશે.

ફ. સંખ્યાકીય અને આર્થિક પ્રગતિ

ગ. સમયાંતરે "આત્મિક કેન્દ્ર"ના સ્તરનો દેશમાં વધારો થશે.(સત્યનિષ્ઠા, ન્યાય, ન્યાયીપણું, સમૃધ્ધિ).

૫. મંડળી સ્થાપક સઘળા વિશ્વાસીઓને આત્મિક સત્યોથી સુસજ્જ કરવા તેડાયેલ છે જેઓના થકી જગતમાં અસરકારક મીઠું અને અજવાળું થવામાં તેઓને સમર્થતા પ્રાપ્ત થાય છે.

- તમારી મંડળીના મંચ પરથી વ્યવસાય, પૈસા અને કામ અંગે ઉપદેશ અને શિક્ષણ સમર્પિત થાઓ.
- તમારી મંડળીમાં વ્યવસાયી લીડરોના જૂથને તાલીમ આપવા સમર્પિત થાઓ.
- સત્યનિષ્ઠાની સાથે તમારી મંડળી કે સેવામાં વ્યવસાય રાખવા અને તમારી મંડળીમાં વ્યવસાયી આગેવાનો પાસેથી માર્ગદર્શન પ્રાપ્ત કરવા સમર્પિત થાઓ.
- દેવના રાજ્યને સારુ આઠ પ્રકારના પ્રભાવિક ક્ષેત્રોને લેવા વ્યવસાયી લીડરોને નિયુક્ત કરો.

GLOBAL ADVANCE
PO Box 742077
Dallas, TX 75374-2077
www.globaladvance.org